RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 198 Dt. 10-11-2024 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT



### જમશેદપુર રેલીમાં રાહુલ ગાંધીએ સરકાર પર કર્યા પ્રહારો : મેનિફેસ્ટોના તમામ વચનો કોંગ્રેસ કરશે પુરા

# PM નહીં રોકી શકે જાતિ ગણતરી : રાહુલ

## દેશમાં બે વિચારધારા વચ્ચે લડાઈ : ઝારખંડની મહિલાઓના બેંક ખાતામાં મહિને આવશે ૨૫૦૦ રૂપિયા

નવીદિલ્હી, તા. ૯

ઝારખંડના જમશેદપુરમાં કોંગ્રેસની ચૂંટણી રેલીને સંબોધિત કરવા પહોંચેલા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને આકરા સવાલો કર્યા. તેમણે જનસભામાં હાજર લોકોને પૂછ્યું, 'પીએમ મોદીએ તમારા બાળકોની કેટલી લોન માફ કરી?' કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ પણ આનો જવાબ આપ્યો. સરકારે એક રૂપિયો પણ માફ કર્યો નથી, એમ તેમણે જણાવ્યું હતું. અબજોપતિ ઉદ્યોગપતિ અદાણી અને અંબાણીનું નામ લેતા તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે તેમના જેવા ૨૫ લોકોની ૧૬ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી દીધી છે.

કોંગ્રેસ સાંસદે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈઉઙ-છજીજી)ના લોકો બંધારણને ખતમ કરવા માંગે છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી તેમની યોજનાઓને સફળ થવા દેશે નહીં. રાહુલ ગાંધીના કહેવા પ્રમાણે, 'અમે બંધારણની રક્ષા કરતા રહીશું, અમે તેમને બંધારણને સ્પર્શ પણ નહીં કરવા દઈએ. જમશેદપુરમાં જાહેર સભામાં રાહુલે ભાજપ પર નફરત ફેલાવવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું, 'દ્વેષથી નફરતને નાબૂદ કરી શકાતી નથી. પ્રેમ દ્વારા જ નફરતને નાબૂદ કરી શકાય છે. નફરતને પ્રેમથી હરાવીશું.

તેમણે મતદારોને રીઝવવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષી ગઠબંધન - ભારતે નક્કી કર્યું છે કે આ લોકોએ જેટલી રકમ અબજોપતિઓને આપી છે, તેટલી રકમ અમે તમારા બેંક ખાતામાં મૂકીશું. રાહુલ ગાંધીએ કહ્યું કે ચૂંટણી જીત્યા બાદ ભારત બ્લોક સરકાર ઝારખંડની મહિલાઓના બેંક ખાતામાં દર મહિને ૨૫૦૦ રૂપિયા જમા કરશે. તેમણે પોતાની લોકપ્રિય શૈલીમાં કહ્યું, '૧ જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ, મે, જૂન, જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરના રોજ તમારા બેંક ખાતામાં ૨૫૦૦ રૂપિયા આવશે 'ખતા-ખત, ખતા-ખત.'

રાહુલ ગાંધીએ પણ મેનિફેસ્ટોના વચનોનું પુનરાવર્તન કર્યું. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિને દર મહિને ૭ કિલો રાશન મળશે. ગેસ સિલિન્ડરની કિંમત ૪૫૦ રૂપિયા હશે. રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, 'અમે ઝારખંડમાં બીમાર પડે તે માટે નવી સ્વાસ્થ્ય વીમા યોજના લાવી રહ્યા છીએ... જો તમારે કોઈ ઓપરેશન કરાવવું હોય તો... તો સૌથી ગરીબ વ્યક્તિ પણ હોસ્પિટલમાં જઈ શકશે. જો અમારી સરકાર બનશે તો ઝારખંડ સરકાર પાત્ર લોકોને ૧૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર પણ આપશે.

રાહુલ ગાંધીએ ઝારખંડની ચૂંટણી રેલીમાં જાતિ ગણતરીનો મુદ્દો પણ પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે કહ્યું, 'મેં મોદીજીને સ્પષ્ટપણે કહ્યું છે કે તમે જાતિ ગણતરીને રોકી નહીં શકો. અમે આ જ સંસદમાં જાતિ ગણતરી પસાર કરીશું અને અનામતમાં ૫૦%ની દિવાલ તોડીશું. રાહુલે ઝારખંડમાં આદિવાસીઓને ૨૮%, દલિતોને ૧૨% અને પછાત વર્ગોને ૨૭% અનામત આપવાના વચનનું પણ પુનરાવર્તન કર્યું.

ભાજપ પર નિશાન સાધતા રાહુલે કહ્યું, 'દેશમાં બે વિચારધારાઓ વચ્ચે લડાઈ ચાલી રહી છે. એક તરફ ભારત છે અને બીજી બાજુ ભાજપ અને આરએસએસ છે. એક તરફ પ્રેમ, એકતા, ભાઈચારો છે તો બીજી બાજુ નફરત, હિંસા, ક્રોધ અને અહંકાર છે. તેમણે કહ્યું કે ભારત ગઠબંધન બંધારણના રક્ષણની વાત કરે છે, જ્યારે ભાજપ-આરએસએસ બંધારણનો નાશ કરવા માંગે છે.

### કોંગ્રેસનો ઉદ્દેશ્ય ભારતને એક કરવાનો છે

રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે કન્યાકુમારીથી કાશ્મીર સુધી 'ભારત જોડો યાત્રા' કરી, જેનો ઉદ્ધેશ્ય ભારતને જોડવાનો હતો. જ્યારે નરેન્દ્ર મોદી, આરએસએસ-ભાજપના લોકો ભારતના ભાગલા કરે છે. એક ધર્મ બીજા ધર્મની સામે છે, એક ભાષા બીજા ધર્મની સામે છે. અમે અંગ્રેજો સામે લડ્યા અને દેશને સંવિધાન આપ્યું જેથી લોકોનું રક્ષણ થઈ શકે. મારો તમને સંદેશ છે. દેશની જનતા, કોંગ્રેસ પાર્ટી અને ભારતનું ગઠબંધન બંધારણની રક્ષા કરવાનું ચાલુ રાખશે.

# ભારતીય જનતા પાર્ટી સમૃદ્ધિનું પાવર હાઉસ : અમિત શાહ

## ઝારખંડમાં JMMની આગેવાની હેઠળના ગઠબંધન પર કેન્દ્રીય ગૃહમંત્રીએ કર્યા પ્રહારો : રામ નવમીની શાંતિપૂર્ણ ઉજવણી માટે ભાજપને મત આપવા કરી અપીલ

નવીદિલ્હી, તા. ૯

ઝારખંડમાં જેએમએમની આગેવાની હેઠળના ગઠબંધન પર કટાક્ષ કરતા, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે તેની તુલના બળી ગયેલા ટ્રાન્સફોર્મર સાથે કરી હતી, જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ''હાઇ ટેન્શન લાઇન'' દ્વારા મોકલવામાં આવેલી સમૃદ્ધિને શક્તિ આપે છે જેને વિતરિત કરવામાં નિષ્ફળ'' નીવડી છે. તેમણે લોકોને રામનવમીની શાંતિપૂર્ણ ઉજવણી માટે ભાજપને મત આપવા અપીલ કરી હતી, અને વચન આપ્યું હતું કે જો ભાજપ સરકાર સત્તામાં આવશે, તો તેઓ હજારીબાગમાં આ પ્રકારની ઉજવણીમાં ભાગ લેશે.

નરેન્દ્ર મોદીની સરકાર એચટી (હાઇ ટેન્શન) પાવર લાઇન જેવી છે. એચટી લાઇન તમારા ઘરોને સીધી વીજળી આપી શકતી નથી; ટ્રાન્સફોર્મરની જરૂર છે. હેમંત સોરેન સરકાર (ઝારખંડના સીએમ) બળેલા ટ્રાન્સફોર્મર જેવી છે. કેન્દ્ર તેની ઈઝ લાઈન દ્વારા વિકાસ માટે લાખો કરોડો રૂપિયા મોકલે છે, પરંતુ તે તમારા સુધી પહોંચતું નથી. હજારીબાગમાં એક ચૂંટણી રેલીને સંબોધતા શાહે દાવો કર્યો હતો કે આ બળી ગયેલા ટ્રાન્સફોર્મરને બદલવાનો સમય આવી ગયો છે.

શાહે આરોપ લગાવ્યો કે જેએમએમની આગેવાનીવાળી સરકાર મનરેગામાં રૂ. ૧,૦૦૦ કરોડ, જમીનના સોદામાં રૂ. ૬૦૦ કરોડ, ખાણકામ અને દારૂમાં રૂ. ૧,૦૦૦ કરોડ સહિતના અનેક કૌભાંડોમાં સામેલ છે. તેમણે વધુમાં રાજ્યમાં જેએમએમ-કોંગ્રેસ ગઠબંધન પર પીએમ મોદી દ્વારા મોકલવામાં આવેલ મફત રાશન ''ખાવા''નો આરોપ લગાવ્યો. કોંગ્રેસ પર નિશાન સાધતા શાહે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે કાશ્મીરને આતંકવાદનું કેન્દ્ર બનાવી દીધું છે. તેના નેતાઓ લાલચોક જતા ડરતા હતા, પરંતુ હવે હું તેમને કહું છું કે તેઓ પોતાના પૌત્ર-પૌત્રીઓ સાથે નિર્ભયપણે લાલચોક જાય. ઝારખંડમાં હેમંત સોરેનની આગેવાનીવાળી સરકાર પર બાંગ્લાદેશી ઘૂસણખોરોને રેડ કાર્પેટ સાથે આવકારવાનો આરોપ લગાવતા, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે કહ્યું હતું કે રાજ્યમાં ભાજપની સરકાર બનતાની સાથે જ આવા દળોને હાંકી કાઢવામાં આવશે.

તેમણે કોંગ્રેસ અને જેએમએમ પર જૂઠાણું ફેલાવવાનો પણ આરોપ મૂક્યો કે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) આદિવાસીઓના અધિકારોનો દાવો કરશે, તે સ્પષ્ટ કરે છે કે ભગવા પક્ષ આદિવાસીઓને તેના દાયરામાં બહાર રાખશે. જેએમએમની આગેવાની હેઠળના જોડાણે બાંગ્લાદેશી ઘૂસણખોરો માટે રેડ કાર્પેટ પાથર્યું છે જેઓ ઝારખંડમાં સ્થાયી થાય છે અને આદિવાસીઓની જમીન હડપ કરે છે, યુવાનોને રોજગાર આપે છે અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થાય છે. ભાજપની સરકાર બનવા દો. તેમને દેશનિકાલ કરવામાં આવશે અને એક પણ પક્ષીને સરહદ પાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, શાહે પૂર્વ સિંઘભુમના પોટકામાં એક ચૂંટણી રેલીમાં જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભગવા પક્ષ ભ્રષ્ટ કોંગ્રેસ અને જેએમએમ નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેશે અને ગરીબ લોકો પાસેથી લૂંટાયેલા દરેક પૈસાની ભરપાઈ કરશે.







# પરિવહન ક્ષેત્રે ગુજરાતની સફળ ઉડાન

## ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યને બે મોટા પ્રોજેક્ટની ભેટ : દરિયામાંથી 30 કિલોમીટર લાંબો બ્રીજ બનાવાશે

નવીદિલ્હી, તા. ૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના લોકો ખરીદી અથવા વ્યાપાર અર્થે સુરત અથવા તો કહી શકાય કે મુંબઈ જતા હોય છે અને આ બંને શહેરોમાં પહોંચવા ખૂબ લાંબી મુસાફરી પણ કરવી પડે છે ત્યારે હવે આ તમામ મુસાફરો માટે એક રાહતના શ્વાસ મળે તેવા સમાચાર સામે આવ્યા છે. જેમાં હવે સુરત અથવા તો મુંબઈ જવા ઈચ્છતા લોકોએ બગોદરા કે વડોદરા સુધી જવાની જરૂર નથી તેઓ જામનગર થી બાય રોડ ભરૂચ માત્ર ચાર કલાકમાં જ પહોંચી શકશે અને સુરત માત્ર પાંચ કલાકમાં જ પહોંચશે. જામનગર થી ભરૂચ વાયા ભાવનગર થઈ સરકાર નેશનલ હાઈવે બનાવી રહી છે એટલું જ નહીં આ રસ્તો દરિયામાંથી પણ પસાર થશે અને દેશનો સૌથી લાંબો કિમીનો બ્રિજ પણ તૈયાર થશે. જે માટે હાલ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવ્યા છે. જો આ શક્ય બનશે તો આવનારા દિવસોમાં વાહન વ્યવહાર ક્ષેત્રે ખૂબ મોટી ક્રાંતિ સર્જાશે અને અનેકવિધ ચીજ વસ્તુઓનો બચાવ પણ થશે..



ભારત માલા યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ૮ નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે જેમાંથી બે પ્રોજેક્ટ ગુજરાતને મળ્યા છે. પ્રથમ પ્રોજેક્ટ ની વાત કરવામાં આવે તો જામનગર થી વાયા રાજકોટ થઈ ભાવનગર સુધી ૨૪૮ સળ નો ફોર અથવા સિક્સલેન રસ્તો બનાવવામાં આવશે જ્યારે બીજો પ્રોજેક્ટ ભાવનગર થી ભરુચ સુધી ૬૮ સળ નો ફોર અથવા સિક્સલેન રોડ બનાવાશે. મળતી માહિતી મુજબ બંને પ્રોજેક્ટનો જો સરવાળો કરવામાં આવે તો આશરે ૩૦૦ કિલોમીટર થી વધુ નો નવો કોરિડોર ઊભો થશે..

ગુજરાતના બંને પ્રોજેક્ટના ડીપીઆર માટે કેન્દ્રીય માર્ગ અને વાહનવ્યવહાર મંત્રાલયે ટેન્ડર બહાર પાડ્યાં હતાં. આ કાર્ય અંગે જે માહિતી મળી રહી છે તેમાં કુલ ૧૫ કન્સલ્ટન્ટ કંપનીએ ભાવ ભર્યો છે. જામનગર-રાજકોટ-ભાવનગર એક્સપ્રેસ વે માટે ૧૨ કંપની તેમજ ભાવનગર-ભરૂચ એક્સપ્રેસ વે માટે ૩ કંપનીએ બીડ કરી છે. હાલ આ તમામ બીડનું ટેક્નિકલ મૂલ્યાંકન ચાલી રહ્યું છે. બાદમાં ક્વાલિફાઇ બીડરમાંથી જેમણે સૌથી ઓછા રૂપિયાની બીડ કરી હશે તેને સર્વેનું કામ સોંપવામાં આવશે. કંપનીએ ૫૪૦ દિવસમાં ડીપીઆર તૈયાર કરીને આપવાનો રહેશે.

# મનપાના પ્રથમ પાર્ટી પ્લોટ માટે ટેન્ડર જાહેર

## બે કરોડથી વધુના ખર્ચે પાર્ટી પ્લોટનું થશે નિર્માણ : ૧૫૦૦ થી વધુ લોકોની ક્ષમતા સાથેનો ભવ્ય પાર્ટી પ્લોટ માં હશે તમામ વ્યવસ્થા

રાજકોટ, તા. ૯

ફાયર એનઓસીની કામગીરીને રાજકોટ મહાનગરપાલિકા એ પણ ઘણું કરવું સહન કરવું પડી રહ્યું છે કારણ કે નીતિ નિયમોની જ્યારે વાત કરવામાં આવે ત્યારે મહાનગરપાલિકા પણ અનેકવિધ મુદ્દામાં ચૂક રાખી હોય તેવું ચિત્ર ઊભું થયું છે. ફાયનાન્સ ની વાત કરાય તો મહાનગરપાલિકા હસ્તકના જે લગ્ન હોલ છે તેમાં ફાયર નું સર્ટિફિકેટ લેવામાં આવ્યું ન હતું જે અંગેની જાણ થતા જ તમામ હોલને હાલ બંધ કરી દેવામાં આવ્યા છે અને ટેન્ડર પ્રક્રિયા પ્રસિદ્ધ થઈ છે જેથી ભવિષ્યમાં એટલે કે આવનારા દિવસોમાં ફરી એક વખત એજન્સી દ્વારા ફાયર ના સાધનો લગાવવામાં આવશે અને ત્યારબાદ જ એનઓસી મળશે. રાજકોટમાં ઘણા ખરા એવા મધ્યમ વર્ગના લોકો છે કે જેઓ પોતાનો લગ્ન પ્રસંગ કોર્પોરેશનના હોલમાં કરતા હોય પરંતુ આ વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈ મહાનગરપાલિકાએ ફરી એક વખત વોર્ડ નંબર ૧૧ માં આવેલા કટારીયા ચોકડી પાસે બે કરોડના ખર્ચે પાર્ટી પ્લોટ બનાવવા માટેનું એક ટેન્ડર પ્રસિદ્ધ કરી દીધું છે એટલું જ નહીં આ પાર્ટી પ્લોટ બન્યા બાદ આવનારા દિવસોમાં પૂર્વ અને મધ્ય ઝોનમાં પણ પાર્ટી પ્લોટ બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોએ જણાવ્યું હતું.

મહાનગરપાલિકા આયોજન કરવા માટે ખૂબ જાણીતી છે પરંતુ તે માત્ર કાગળ પરતું જ સીમિત રહી જાય છે વાત કરવામાં આવે તો ગત વર્ષોમાં શહેરના અનેકવિધ વિસ્તારોમાં પાર્ટી પ્લોટ બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ વેસ્ટ ઝોન વિસ્તારમાં કુલ ૧૧ ચોરસ મીટરના પ્લોટમાં ૫૬૧૪ ચોરસ મીટર પાર્કિંગ જગ્યા સાથે આ પાર્ટી પ્લોટ વિકસિત કરાશે જેમાં જરૂરી તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે તેટલું જ નહીં આ પાર્ટી પ્લોટ ૧૫૦૦ થી વધુ લોકો નો સમાવેશ કરી શકે તે ક્ષમતાનો બનાવવામાં આવશે જેના માટે આશરે બે કરોડથી વધુનો ખર્ચનો અંદાજ પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે.




જેમ જેમ લગ્નની સીઝન આવતી જાય તેમ તેમ શહેરમાં હોલ, વાડી સિવાય પાર્ટી પ્લોટ ની માંગ વધી જતી હોય છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા દર બજેટમાં પાર્ટી પ્લોટ નવા ઉભા કરવા માટે જોગવાઈઓ કરવામાં આવે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે જે નક્કર આયોજન થવું જોઈએ તે થતું નથી. રાજકોટ મહાનગરપાલિકાએ હવે ત્રણ વોર્ડને લાગુ પડે તે રીતે વોર્ડ નં. ૧૧મા ટીપી સ્કીમ નં. ૧૦ ફાઇનલ પ્લોટ ૭૩બીના પ્લોટ પર પાર્ટી પ્લોટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મનપાના લગ્નહોલની માફક પાર્ટીપ્લોટ પણ વ્યાજબીભાવથી મધ્યમવર્ગીય પરિવારોને ભાડેથી આપવામાં આવશે. જોકે આ પ્લોટ કોન્ટ્રાકટર ડેવલપ કરે તે બાદ ભાડા સહિતની નીતિ નકકી કરવામાં આવનાર છે. શહેરના ત્રણેય ઝોનમાં પ્રસંગોની ઉજવણી માટેના પાર્ટીપ્લોટ બનાવવાનો નિર્ણય મનપા દ્વારા લેવામાં આવ્યો છે.

ત્રણેય ઝોનના છેવાડાના વિસ્તારોમાં મહાનગરપાલિકાના ખાલી પ્લોટનો સર્વે કરાયો હતો. જેમાં સૌપ્રથમ વોર્ડ નં. ૧૧માં વિશાળ પાર્ટી પ્લોટ બનાવવામાં આવશે.

મનપાના લગ્નહોલ સિઝન દરમિયાન કાયમી હાઉસફૂલ થઈ જતા હોય છે.

પરંતુ અમુક પરિવારો પાર્ટીપ્લોટમાં પોતાના સંતાનોના લગ્નનું આયોજન કરવાનું વિચારતા હોય છે. જેની સામે ખાનગી પાર્ટીપ્લોટમાં પણ સિઝન દરમિયાન અગાઉથી બુંકીંગ થઈ જતુ હોય અને ભાડા પણ વધારે હોવાથી તેઓ પ્લોટમાં પ્રસંગ ઉજવી શકતા નથી. મહાનગરપાલિકાના ખાલી પ્લોટ ઉપર પાર્ટી પ્લોટની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથધરાઈ છે. જે પૂર્ણ થયા બાદ તુરંત પાર્ટીપ્લોટનું કામ શરૂ કરવામાં આવશે. જેને સંભવત એક વર્ષ જેટલો સમય લાગે તેમ જાણવા મળેલ છે. વોર્ડ નં. ૧૧માં ટીપી નં. ૧૦, એફ.પી. ૭૩/બીમાં પ્રથમ પાર્ટી પ્લોટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. અટલ સરોવરમાં એક પાર્ટી પ્લોટની જગ્યા રાખવામાં આવી છે પરંતુ આ જગ્યા ખાનગી એજન્સીને સોંપી દેવામાં આવી છે. આથી મનપાનો આ પ્રથમ પાર્ટી પ્લોટ બની રહેશે. સાથો સાથ લોક મૂકે એ વાતની પણ ચર્ચા થઈ રહી છે કે ભવિષ્યમાં એટલે કે આવનારા નજીકના દિવસોમાં જે પાર્ટી પ્લોટ અને હોલ ફાયર એનઓસી ના પગલે હાલ બંધ રાખવામાં આવ્યા છે તેને ફરીથી ચાલુ કરવામાં આવે જેથી સામાન્ય વર્ગના લોકો તેમના પરિવારજનોના લગ્ન તે હોલમાં સરળતાથી કરાવી શકે. બીજી મોટી વાત એ છે કે આવનારા દિવસોમાં હજુ પણ આ અંગે મહાનગરપાલિકા દ્વારા ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે તેનો કોઈ અંદાજો નથી પરંતુ જો યથા યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે તો લોકોને હેરાનગતિ નો સામનો પણ કરવો પડી શકે તેમ છે.

### સેન્ટ્રલ તથા ઈસ્ટ ઝોન માં પણ હાથ ધરાશે સર્વે

હાલ વેસ્ટ ઝોનમાં જે રીતે મહાનગરપાલિકા દ્વારા જે પાર્ટી પ્લોટ ઉભો કરવામાં આવશે તેવી જ રીતે સેન્ટ્રલ ઝોન અને ઈસ્ટ ઝોન માં પણ પાર્ટી પ્લોટ ઉભો કરવા માટે સર્વે હાથ ધરવામાં આવનારો છે જે માટેની વ્યવસ્થાઓ અને તૈયારીઓ મહાનગરપાલિકા દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર ભવિષ્યમાં દરેક ઝોનમાં મહાનગરપાલિકા નો એક પાર્ટી પ્લોટ હોય તો લોકોને તેમના પ્રસંગો કરવા હોય તો તેઓ સરળતાથી કરી શકે ત્યારે હાલ વેસ્ટ ઝોનમાં પ્રાથમિકતા ના ધોરણે પાર્ટી પ્લોટ ઉભો કરવામાં આવશે.

# કલેકટરની અધ્યક્ષતામાં લેન્ડગ્રેબિંગની બેઠક : ૬૫ કેસો પર સુનાવણી

## મહેસુલી કામગીરીને વેગ આપવા કર્મચારીઓ તથા અધિકારીઓને કરાય તાકીદ

રાજકોટ, તા. ૯

રાજકોટ વહીવટી તંત્ર એટલે કે જિલ્લા કલેકટર કચેરી ખાતે ગઈકાલે એક ખાસ બેઠક મળી હતી જેમાં લેન્ડ ગ્રેબિંગ હેઠળ જે ૬૫ થી વધુ કેસો આવ્યા હતા તે અંગે સુનાવણી પણ હાથ ધરવામાં આવી એટલું જ નહીં આ બેઠકમાં રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભાવ જોશી સહિત મહેસુલ વિભાગ અને પોલીસ વિભાગના અધિકારીઓ પણ જોડાયા હતા. માહિતી મુજબ કેટલા કેસોમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કેટલા કેસોને પેન્ડિંગ રાખવામાં આવ્યા છે તે અંગે હજુ સુધી કોઈ નક્કર આંકડો બહાર આવ્યો નથી પરંતુ કુલ ૬૫ થી વધુ કેસો સુનાવણી અર્થે લેવામાં આવ્યા હતા. તહેવાર બાદ આ પ્રથમ લેન્ડગ્રેબિંગ ની બેઠક મળી હતી પરંતુ ખરા અર્થમાં રાજકોટ કલેકટર માટે સૌથી મોટો ચિંતાનો વિષય જો કોઈ હોય તો તે માત્રને માત્ર રેવન્યુ કામગીરીમાં જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને જે પેન્ડિંગ ફાઈલો છે તેનો નિકાલ કરવાનો મુખ્ય લક્ષ્ય હોવાનું હાલ સંબંધિત વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.



ગાંધીનગર અને મહેસુલ વિભાગ દ્વારા સતત મહેસૂરી કામગીરી અંગે ફોલોઅપ લેવામાં આવી રહ્યું છે. જેમાં કેટલા કેસો પેન્ડિંગ છે કામગીરી ક્યાં અટકી છે અને સૌથી મોટો હાલ રાજ્ય સરકાર અને મહેસુલ વિભાગ માટે ચિંતાનો વિષય હોય તો તે એ છે કે અત્યારે દબાણો જે થઈ રહ્યા છે અને જે આંકડાઓ સામે આવ્યા છે તે ખૂબ જ વધુ છે ત્યારે તેના ઉપર નક્કર કામગીરી કરવા અને નજીકના દિવસોમાં એ તમામ ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે હાલ રાજ્ય સરકાર અને મહેસુલ મંત્રાલય તરફથી આ દેશો પણ પ્રસિદ્ધ કરાયા છે. જે અંગેની માહિતી જિલ્લા કલેકટર દ્વારા સંબંધિત વિભાગના અધિકારીઓને આપવામાં આવી હતી. એટલું જ નહીં નકર પ્લાન બનાવવા માટે પણ જણાવવામાં આવ્યું હતું અને સાથો સાથ સર્વે હાથ ધરવામાં આવે તે માટેની વ્યવસ્થા ઉભી કરવા માટે તેઓને તાકીદ પણ કરાઈ હતી.

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે ગઈકાલે બપોરના કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં લેન્ડગ્રેબીંગની ખાસ બેઠક આયોજીત કરવામાં આવી હતી. જેમાં ૬૫થી વધુ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવી રહી છે.

સરકારી જમીનો પર પેશકદમી તેમજ પારકી મીલકતો પચાવી પાડનારા સામે કાયદાનો શીકંજો કસવા આ બેઠકમાં નિર્ણય લેવામાં આવશે. આ બેઠકમાં પ્રાંત અધિકારીઓ, ડેપ્યુટી કલેકટરો, પોલીસ અધિકારીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા ગઈકાલે ઉઘડતી કચેરીએ રેવન્યુ અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી હતી જેમાં મહેસુલ વિભાગના નવા કાયદાની ચુસ્ત અમલવારી, દબાણો હટાવવા સહિતના મુદ્દે અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત અરજદારોના પેન્ડીંગ પ્રશ્નોનો પણ ફટાફટ નિકાલ કરવા માટે કલેકટર પ્રભવ જોશી દ્વારા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર માટે સૌથી મોટો અને મહત્વનું પાસું જો કોઈ હોય તો તે એ છે કે મહેસુલી વિભાગમાં જે કામગીરી જે ઝડપથી થવી જોઈએ તે થતી નથી ઊલટું ઘણા ખરા કિસ્સામાં હાલ લોકોએ એટલે કે અરજદારોએ હેરાન થવું પડે છે ત્યારે ડિજિટલ ઈન્ડિયાના કન્સેપ્ટ સાથે જ્યારે જિલ્લા વહીવટી તંત્ર આગળ વધતું હોય તે સમયે આ પ્રકારની અડચણોને કેવી રીતે દૂર કરી શકાય તે મામલે પણ કર્મચારીઓ અને અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી અને તેઓને સૂચિત પણ કરાયા હતા.

# નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની કલેકટર અધ્યક્ષ સ્થાને યોજાઈ બેઠક

## શાળા કોલેજના ૧૦૦ મીટર વિસ્તારમાં તંબાકુ વેચાણ પ્રતિબંધાત્મક ધારાનો અમલ, નશીલા સિરપના વેચાણ પર કાર્યવાહી કરવા સૂચના



રાજકોટ તા. ૯

રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની બેઠક પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોર, નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધી તેમજ ડી.સી.પી. પૂજા યાદવની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. બેઠકમાં પોલીસ અધિક્ષક દ્વારા નશીલા પદાર્થોના સેવન અને તેના વેચાણ પર સખ્ત હાથે કામગીરી કરવા, શાળા કોલેજના ૧૦૦ મીટર વિસ્તારમાં તંબાકુ વેચાણ પ્રતિબંધાત્મક ધારાનો અમલ કરવા, ગ્રામ્ય વિસ્તારમાં ગાંજાનું વાવેતર ના થાય તે માટે ખેતીવાડી તેમજ ફોરેસ્ટ વિભાગને સમયાંતરે ચેકિંગ હાથ ધરવા અધિકારીશ્રીઓને સુચના આપી હતી. નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધીએ વિદ્યાર્થીઓ નશીલા પદાર્થના સેવનથી દૂર રહે તે માટે શાળા કોલેજમાં નશાકારક પદાર્થ, ડ્રગ્સ વિરોધી જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરવા વિભાગને સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર ડ્રગ્સના દુષણને સખત હાથે ડામી દેવા કાર્યરત છે ત્યારે રાજકોટ શહેર તેમજ જિલ્લામાં ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિ કરતા લોકો વિરુદ્ધ પોલીસ વિભાગ દ્વારા કડકાઈ થી કામગીરી કરવા એસ.ઓ.જી.વિભાગ કામગહરી કરી રહ્યો છે.

આ તકે પ્રાંત અધિકારી ચાંદની પરમાર, ગ્રીષ્મા રાઠવા, રાહુલ ગમારા, વિમલ ચક્રવર્તી, ,આર.ટી.ઓ. કેતન ખપેડ, જે.વી.શાહ, એસ.ઓ.જી.ના પોલીસ અધિકારીઓ, સમાજ સુરક્ષા વીભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, ફોરેન્સિક વિભાગ, તબીબી વિભાગ, મનોચિકિત્સક વિભાગ, રિહેબિલિટેશન વિભાગ, કૃષિ, વન વિભાગ, તોલમાપ. સાઈન્ટિફિક વિભાગ સહિત કમિટીના અધિકારીઓ જોડાયા હતાં.

# લીલી પરિક્રમા માટે એક્સ્ટ્રા બસો ફાળવાઈ






## એસ.ટી. વિભાગ દ્વારા ૫૦થી વધુ એસ.ટી. બસ દોડાવવામાં આવશે

રાજકોટ,તા.૧૦

રાજકોટ એસટી વિભાગની બસ સુવિધા લોકો માટે પહેલું પ્રાધાન્ય રહે છે.સામાન્ય દિવસો હોય કે તહેવારોમાં લોકો એસ.ટી.ની મુસાફરી કરવી વધુ પસંદ કરે છે.દિવાળીના તહેવારોમાં લોકોએ સલામત સવારી ગણાતી એસ.ટી. બસનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. જેમાં રાજકોટ એસ.ટી. ડિવિઝનને લાખો રૂપિયાની કમાણી થઈ હતી.ત્યારે હવે જૂનાગઢમાં લીલી પરિક્રમા શરૂ થઈ છે.આ પરિક્રમા કરવા જવા માટે શ્રદ્ધાળુઓને તકલીફ ન પડે તે માટે રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા ૫૦થી વધુ એસ.ટી. બસ દોડાવવામાં આવી રહી છે. જૂનાગઢમાં લીલી પરિક્રમાનું વિશેષ મહત્વ રહેલુ છે.દર વર્ષે પરિક્રમા દરમિયાન ભક્તોની ભારે ભીડ ઉમટી પડે છે. સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાંથી લોકો લીલી પરિક્રમા કરવા માટે જૂનાગઢ પહોંચે છે, જેથી રાજ્યના એસટી નિગમ દ્વારા અલગ-અલગ જિલ્લાના એસ.ટી. વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવે છે.ત્યારે રાજકોટ એસટી વિભાગ દ્વારા પણ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.રાજકોટ એસ.ટી. વિભાગના અધિકારના જણાવ્યા અનુસાર લીલી પરિક્રમાને ધ્યાનમાં રાખીને રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર સહિત અનેક ગામોમાંથી પરિક્રમા માટે વિશેષ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.એસ.ટી. વિભાગ દ્વારા ૫૦થી વધુ બસો દોડાવવામાં આવી રહી છે.કોઈ પણ મુસાફરોને પરિક્રમામાં જવા માટે પુરતા પ્રમાણમાં એસ.ટી. બસ મળી રહે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. લીલી પરિક્રમા માટે સુરત, અમદાવાદ અને વડોદરા સહિતના શહેરોમાંથી મુસાફરો આવતા હોય છે.તે તમામ મુસાફરોને ધ્યાનમાં રાખીને બસની વ્યસ્થા કરવામાં આવી છે. રાજકોટ એસટી વિભાગના જે.બી કરોતરા વિભાગીય નિયામકના જણાવ્યાં અનુસારએસ.ટી. વિભાગ દ્વારા એવી રીતે આયોજન કરવામાં આવ્યું છે કે જ્યારે પણ ૪૦થી ૫૦ જેટલા મુસાફરો થઈ જાય એટલે બસ રવાના કરવામાં આવે.એટલે કે એસ.ટી. બસ સ્ટેન્ડ પર તમને ગમે ત્યારે પરિક્રમા માટે બસ મળી રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે.તહેવાર દરમિયાન એસ.ટી. વિભાગને રૂટિન કરતા ૧૦થી ૧૫ લાખની વધારે આવક થાય છે.

## ઉત્તર પ્રદેશ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિવેદનથી રાજકારણ ગરમાયુ

# અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં પછાત વર્ગને અનામત નથી : યોગી

### યુનિવર્સિટીને કેન્દ્ર સરકાર દ્વારા પૂરું પાડવામાં આવે છે ભંડોળ : એસસી, એસટી અને ઓબીસીને પણ નોકરી અને શિક્ષણમાં અનામત મળવી જોઈએ



નવીદિલ્હી તા. ૯

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના લઘુમતી દરજ્જા પર સવાલ ઉઠાવતા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી અને કરદાતાઓના પૈસાથી ચાલતી સંસ્થા માટે એસસી, એસટી અને ઓબીસીને અનામત આપવી જરૂરી છે.

ખેરમાં એક ચૂંટણી રેલીમાં, સીએમએ કહ્યું, ''એવું કેવી રીતે બની શકે કે કેન્દ્ર સરકાર દ્વારા ફાઈનાન્સ કરવામાં આવતી અને કરદાતાઓના પૈસા પર ચાલતી સંસ્થા, એસસી, એસટી અથવા ઓબીસીને અનામત ન આપવાને બદલે, પોતે ૫૦ ટકાની જોગવાઈ કરે. મુસલમાનોને અનામતની વાત સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે જ્યારે બંધારણ અને મંડલ પંચે SC, ST અને ઘઈઈને અનામત આપી છે તો એએમયુમાં આ સુવિધા કેમ ન આપી શકાય? જો એમ હોય તો એસસી, એસટી અને ઓબીસીને પણ નોકરી અને શિક્ષણમાં અનામત મળવી જોઈએ. સીએમએ કહ્યું કે બંધારણમાં અનામત માટેના નિયમો હોવા છતાં, AMUમાં તેનો અમલ કરવામાં આવ્યો ન હતો કારણ કે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને BSP તેને લાગુ કરવા માંગતા ન હતા કારણ કે તેઓ તેમની વોટ બેંક બચાવવા માંગતા હતા. યોગી આદિત્યનાથે ત્રણેય પક્ષો પર લોકોની ભાવનાઓ અને ભારતીય ઓળખ સાથે રમવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે ગયા અઠવાડિયે જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં પસાર કરાયેલા ઠરાવનો ઉલ્લેખ કર્યો, જેમાં કલમ ૩૭૦ હટાવવાની માંગ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ભલે ડો. બી.આર. આંબેડકર બંધારણમાં કલમ ૩૭૦ ઈચ્છતા ન હતા, પરંતુ પંડિત નેહરુના આગ્રહને કારણે તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને બધાને ખબર હતી કે તે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ માટે જવાબદાર છે. ''૨૦૧૯માં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને દૂર કરવાનો નિર્ણય કર્યો. હવે, લાખો પ્રવાસીઓ કાશ્મીરમાં આવી રહ્યા છે, પરંતુ કેટલાક લોકોએ પાયમાલી શરૂ કરી દીધી છે અને તેઓ ઈચ્છે છે કે કાશ્મીર ફરીથી આતંકવાદનું કેન્દ્ર બને,'' તેઓ ઈચ્છે છે ધાર્મિક કટ્ટરતાનું કેન્દ્ર બનવા માટે.'' તેમણે વારંવાર દર્શકોને 'અગર બંતે તો કટંગે' ના નારા લગાવ્યા. તેમણે કહ્યું, ''અમે જોયું છે કે જ્યારે અમે એક ન હતા ત્યારે શું થયુંઃ રામ મંદિરનું અપમાન, ભગવાન કૃષ્ણના જન્મસ્થળનું અપમાન, અમારી માતાઓ અને બહેનોનું શું થયું. આ છતાં, જો આપણે આંખો બંધ રાખીએ, તો અમારી પાસે ભાગલા સિવાય કોઈ વિકલ્પ નથી.'' મુખ્યમંત્રીએ અલીગઢના વિકાસ વિશે વાત કરી અને તેને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવા અને ડિફેન્સ કોરિડોરમાં એક નોડ તરીકે વર્ણવ્યું. વધુમાં, તેના લોક ઉદ્યોગને પુનજીવિત કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું, છેલ્લા ૭.૫ વર્ષમાં પથ્થરમારાની કોઈ ઘટના બની નથી કારણ કે તોફાનીઓ અને પથ્થરબાજો જાણતા હતા કે જો તેઓ આવી પ્રવૃત્તિ કરતા રહેશે તો એક તરફ યમરાજ (મૃત્યુના દેવ) તેમની રાહ જોઈ રહ્યા છે. અન્ય, સરકાર તેમની સંપત્તિ જપ્ત કરશે અને ગરીબોમાં વહેંચશે.

જીન્નું પ્રતીક શું છે? જુઓ તેમના નેતાએ અયોધ્યામાં નિષાદ અને કશ્યપ જ્ઞાતિની છોકરી સાથે શું કર્યું. તેઓ સંસ્કારી સમાજ પર કાળો ડાઘ છે. આ 'લાલ ટોપી, કાળા શોષણ'ને ફરી સત્તામાં આવવા દો નહીં, નહીં તો તેઓ યુપીને અરાજકતા તરફ લઈ જશે. ભાજપ સંસ્કૃતિની જાળવણી કરવાની સાથે તેનો વિકાસ પણ કરી રહી છે. આનાથી વધુ સારું ઉદાહરણ શું હોઈ શકે કે અમે રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહના નામ પર યુનિવર્સિટી બનાવી રહ્યા છીએ, જેને કોંગ્રેસ ભૂલી ગઈ હતી. તે વિશ્વ વિખ્યાત યુનિવર્સિટી બને તેની ખાતરી કરવા માટે, ભાજપની જીત સુનિશ્ચિત કરવી જરૂરી છે, ઈખએ કહ્યું.

## જાતિ આધારિત અનામત કોઈ દિવસ શક્ય નહીં બને : અમિત શાહ

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ચેતવણી આપી હતી કે જ્યાં સુધી ભારતમાં ભારતીય જનતા પાર્ટી છે ત્યાં સુધી લઘુમતીઓને ધર્મના આધારે આરક્ષણ નહીં મળે. કોંગ્રેસે શનિવારે મુસ્લિમોને અનામત આપવાનું વચન આપ્યું હતું. ઝારખંડના પલામુમાં એક રેલીને સંબોધતા અમિત શાહે પૂછ્યું કે જો ધર્મના આધારે અનામત આપવામાં આવશે તો દલિતો અને આદિવાસીઓનું શું થશે. કોંગ્રેસ પાર્ટી અનામતની વાત કરે છે. બંધારણમાં ધર્મના આધારે અનામતની કોઈ જોગવાઈ નથી. અમે ક્યારેય કોઈ ચોક્કસ ધર્મને અનામત આપી શકીએ નહીં. મહારાષ્ટ્રમાં ઉલેમાના એક જૂથે તેમને (કોંગ્રેસને) એક મેમોરેન્ડમ આપ્યું કે મુસ્લિમોને ૧૦ ટકા અનામત આપવામાં આવે અને કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે અમે આમાં તમારી મદદ કરીશું. પછાત વર્ગ, દલિત અને આદિવાસીઓ માટે અનામતમાં ઘટાડો થશે. હું અહીંથી રાહુલ ગાંધીને ચેતવણી આપવા માંગુ છું. રાહુલ બાબા, તમારા મગજમાં ગમે તે ષડયંત્ર હોય, જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટી છે ત્યાં સુધી આ દેશમાં લઘુમતીઓને અનામત નહીં મળે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# દંભોત્સવ

## ગાયનું પૂજન નહીં કરો તો ચાલશે, તેમને સન્માન, સુરક્ષા શુદ્ધ આહાર તો આપો



સનાતન સંસ્કૃતિ ઉત્સવથી છલકતી રહે છે. દરેક ઉત્સવો પર્વો પાછળ વિશેષ ઉદ્દેશ તથા વિજ્ઞાન છુપાયેલા છે. લોકો આ વિજ્ઞાનને અનુસરે તેવો ભાવ ઉત્સવો પાછળ રહેલો છે. ગઈકાલે ગુજરાતભરમાં ગોપાષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં ભાવ જગતનો પ્રભાવ છે. અહીં ગોપષ્ટમી જેવા ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. ગઈકાલે ગાય માતાને વંદના, પૂજન, આરતી વગેરે થયા હતા. ગૌમાતાને શણગાર કરાયા હતા. ગૌ પૂજન માટે ઠેરઠેર ભીડ જામી હતી.

ભક્તિ ભાવની પરાકાષ્ઠા દેખાતી હતી. પરંતુ ઊંડો વિચાર કરો તો આ દંભોત્સવથી વિશેષ કંઈ ન હતું. ધર્મ ક્ષેત્રમાં ગૌભક્તિના નામે વ્યાપક પ્રમાણમાં દંભ ચાલી રહ્યાનો અહેસાસ થાય છે.

ધર્મશાસ્ત્રો પ્રમાણે ગૌવંશમાં તમામ દેવી-દેવતાઓનો વાસ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત ગૌમુત્રમાં સરસ્વતી અને ગોબરમાં લક્ષ્મીજીનો વાસ હોવાનું માનવામાં આવે છે.

આવી વાતો ના કારણે ગાયને માતાનો દરજ્જો આપી દેવાયો છે અને ગોપષ્ટમી જેવા ઉત્સવ ઉજવાય છે. વાસ્તવિકતા એ છે કે વર્ષમાં એક બે દિવસ ગૌવંશનું પૂજન, વંદન થાય છે. પરંતુ બાકીના દિવસો ગૌમાતા ભટકતી રહે છે, રખડતી રહે છે, ઉકરડામાં ભોજન શોધતી રહે છે, કપાતી રહે છે. કોઈને કોઈ પડી હોતી નથી. આવું વર્ષોથી ચાલતું રહે છે.

ગોપષ્ટમી જેવા ઉત્સવો આપણે ગૌવંશનું આર્થિક, આરોગ્ય અને આધ્યાત્મિક મહત્વ સમજીએ તે હોય છે. આવું કંઈ જાણ્યા વગર આપણે ગૌ પૂજન કરીને ગાયને ભટકતી છોડી દઈએ છીએ. ઉતરાયણના દિને ગાયને આફરો ચઢી જાય તેટલું ખવડાવી દઈએ છીએ અને પછી ભૂખી મરે તો પણ આપણો જીવ બળતો નથી.

વાસ્તવમાં ગૌમાતાનું પૂજન નહીં કરીએ તો ચાલશે, ગાયને - ગૌવંશને સ્વમાન, સુરક્ષા, શુદ્ધ આહાર સતત મળતા રહે તેવું કંઈક કરવું જોઈએ. ઘણા ગૌભક્ત, ગૌશાળાના સંચાલકો ગાયનું પાલનપોષણ કરતા હોવાનો પ્રચાર કરે છે, આ પણ ભૂલ ભરેલો વિચાર છે.

ગૌ વિજ્ઞાન જાણો, સમજો તો ગૌવંશ આપણું પાલન પોષણ કરવા સક્ષમ છે. ગૌવંશથી સમાજને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેમ છે. ગૌ આધારિત અર્થતંત્ર સ્થાપી શકાય તેમ છે. ગૌ ઉર્જા દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ પણ શક્ય બને તેમ છે. સમગ્ર સમાજ જીવન આધારિત નિર્માણ થઈ શકે તેમ છે. અમુક સ્થાને આવા પ્રયોગો પણ થયા છે. ગોપષ્ટમી વર્ષમાં એક દિવસ નહીં, દરરોજ સંભવ છે.

ગૌરક્ષા, ગૌભક્તિના નામે લોકો, સંસ્થા ખુદના એજન્ડા પાર પાડે છે. સમગ્ર ક્ષેત્રમાં દંભનો માહોલ છે. દેશભરમાં અસંખ્ય બ્રાન્ડના ગાયના ઘી બને છે, પણ મોટાભાગે જર્સી ગાયના દૂધનો ઉપયોગ થઈ રહ્યો છે. આપણે ભક્તિના નામે ગોટે ચઢી ગયા છીએ.

રાજકીય સામાજિક ધાર્મિક ક્ષેત્રમાં ગાયના નામે દંભ ચાલે છે. ગોપાષ્ટમી જેવા ઉત્સવો પણ દંભોત્સવ બની ગયા છે. પર્વના, ધર્મના વિજ્ઞાન સમજવાની જરૂર છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# યોગી આદિત્યનાથની ભાષા બદલાઈ ગઈ છે : અખિલેશ

## સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે સીએમ યોગી પર કર્યા શાબ્દિક પ્રહારો : કહ્યું તેમનું વિચારવાનું અને તે મુજબનું વર્તન પણ બદલાઈ ગયું છે

નવીદિલ્હી, તા. ૯

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે સીએમ યોગી આદિત્યનાથના રાજકીય નિવેદનો પર આકરી પ્રતિક્રિયા આપી છે.ડિમોનેટાઇઝેશનના દિવસે જન્મેલા ખજાનચીના જન્મદિવસની ઉજવણી કરવા માટે પાર્ટીના નેતાઓ લખનૌમાં એસપી ઓફિસમાં એક થયા હતા. આ દરમિયાન તેમણે સીએમ યોગીના તમામ આરોપોને ફગાવ્યા હતા. આ દરમિયાન સપા પ્રમુખે સીએમ યોગીના નિવેદનોના સંદર્ભમાં કહ્યું કે હવે તેમની ભાષા બદલાઈ ગઈ છે. મનની દુષ્ટતા શબ્દોની કડવાશ બની જાય છે. જેમણે પોતાની સામેના સાચા કેસો છોડી દીધા છે અને અન્યો સામે ખોટા કેસ કર્યા છે, તેઓ જેટલા ઓછા બોલશે, એટલું જ તેમનું સત્ય છુપાયેલું રહેશે. જેઓ કોઈને પોતાના કરતા મોટો નથી માનતા તેઓ યોગી કેવી રીતે છે?

પૂર્વ સીએમએ કહ્યું કે એન્કાઉન્ટર સરકારનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે.હવે તેઓ ભૂતકાળમાં જેટલા હતા તેટલા સરકારમાં રહેશે નહીં. આ કારણોસર તેમની ભાષા બદલાઈ ગઈ છે. તેમની વિચારવાની અને સમજવાની રીત પણ બદલાઈ ગઈ છે.અહીં કહ્યું છે કે જેટલો મોટો સંત છે તેટલો ઓછો બોલે છે, તે લોકોના કલ્યાણ માટે છે, તેથી તેના શબ્દોને ઉપદેશ કહેવામાં આવે છે.અહીં બધું વિપરીત છે, તેથી તેમની ક્ષમતાઓનું પરીક્ષણ કરવું પડશે.



જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે દર્શાવે છે કે તેમની લાયકાત પણ તપાસવી જોઈએ. વ્યક્તિ તેના કપડાથી નહીં પણ તેના શબ્દોથી યોગી બને છે. જેઓ હંમેશા અમૃત કાલનું સ્મરણ કરાવે છે, તે આઝાદીનો અમૃતકાલ નથી પણ વિનાશનો છે. કલયુગમાં બધું ઊલટું થાય છે. મૃદુભાષી લોકો આજકાલ વાચાળ બની ગયા છે. જેઓ સાચું બોલે છે તેઓ ખોટો પ્રચાર કરી રહ્યા છે, જેઓ નિર્ભયતાથી બચવા માગે છે તેઓ ભય ફેલાવે છે.

સપા પ્રમુખે કહ્યું કે એન્કાઉન્ટર સરકારનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, તેની શરૂઆત પેટાચૂંટણીથી થશે. આ લોકો અધિકારીઓના બળ પર ચૂંટણી જીતવા માંગે છે પરંતુ જનતા જ તેમની વિરુદ્ધ છે. જે વિચારો અંગ્રેજોના હતા તે આ સરકારના વિચારો છે. દિલ્હી અને લખનૌ સહકારથી ચાલવું જોઈએ પરંતુ અહીં તેઓ વિરોધ સાથે ચાલી રહ્યા છે. ડબલ એન્જિન ઊંધુંચત્તુ માઉન્ટ થયેલ છે. એન્જિન એકબીજાને ખેંચી રહ્યા છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ફરી એકવાર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર જોરદાર પ્રહારો કર્યા છે. લખનૌમાં એક કાર્યક્રમમાં તેમણે કહ્યું કે સંત સમાજ વચ્ચે લડાઈઓ થઈ રહી છે. જેઓ કોઈને પોતાનાથી મોટો નથી માનતા, તેઓ કેવા યોગી છે? તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણા સ્થાને એવું કહેવાય છે કે સંત જેટલો મોટો તેટલો ઓછો બોલે છે અને જ્યારે બોલે છે ત્યારે પણ તે લોકોના કલ્યાણ માટે બોલે છે. તેથી જ તેના શબ્દોને ઉપદેશ કહેવામાં આવે છે અને અહીં બધું વિપરીત છે. માત્ર તેમની લાયકાતની ચકાસણી કરવાની રહેશે.

સપા વડાએ વધુમાં કહ્યું કે જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ક્યાંક એવું લાગે છે કે આપણે અને તમને પણ તેની લાયકાત વિશે જાણવું જોઈએ. વ્યક્તિ તેના કપડાથી નહીં પણ તેના શબ્દોથી યોગી બને છે. અખિલેશ યાદવે કહ્યું કે જેઓ હંમેશા અમૃતકાલને યાદ કરાવે છે. આ આઝાદીનો સમય નથી પણ વિનાશનો છે.

### ચલણી નોટો સાથે પોલીસે છાપકામ માટે વપરાતા અન્ય સાધનો પણ જપ્ત કર્યા

# ઉત્તર પ્રદેશમાં નકલી ચલણી નોટ બનાવવાનું કારસ્તાન ઝડપાયું : બે જબ્બે

## જપ્ત કરેલી તમામ ચલણી નોટોનો સીરીયલ નંબર એક જ હોવાનું જાણવા મળ્યું યુટ્યુબ જેવા માધ્યમ પરથી નકલી નોટ બનાવતા આરોપી શીખ્યા હતા

નવીદિલ્હી તા. ૯

આ ઘટના ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં બની છે. પ્રકાશનમાં અહેવાલ છે કે બંનેએ રૂ. ૩૦,૦૦૦ ની કિંમતનું ચલણ બનાવ્યું અને પ્રસારિત કર્યું અને તેઓ રામગઢ માર્કેટમાં નકલી ચલણ પાછળ વધુ રૂ. ૧૦,૦૦૦ ખર્ચવાના હતા, જે દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવી. પોલીસે જપ્ત કરેલી તમામ ચલણી નોટોનો સીરીયલ નંબર એક જ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, બંને આરોપીઓ સતીશ રાય અને પ્રમોદ મિશ્રા છે અને તેઓ ૧૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર રૂ. ૫૦૦ની નોટ છાપવાનું બનાવટી ચલણ રેકેટ ચલાવતા હતા. તેણે મિર્ઝાપુરથી ખરીદેલા કોમ્પ્યુટર પ્રિન્ટર અને સ્ટેમ્પ પેપરનો ઉપયોગ કરીને નોટો છાપી હતી.

પોલીસને તેમની પાસેથી રૂ.૫૦૦ની ૨૦ નકલી નોટો મળી આવી હતી. જ્યાં સુધી તેઓ ચલણી નોટોની વિગતવાર લાક્ષણિકતાઓથી વાકેફ ન હોય, ત્યાં સુધી કોઈ એ ઓળખી શકશે નહીં કે તે અસલી નથી. ચલણી નોટો સાથે પોલીસે છાપકામ માટે વપરાતા અન્ય સાધનો પણ જપ્ત કર્યા હતા, જેમાં લેપટોપ, પ્રિન્ટર, સ્ટેમ્પ પેપર અને અલ્ટો કારનો સમાવેશ થાય છે. કહેવાય છે કે બંનેનો મુખ્ય વ્યવસાય મિનરલ વોટરની જાહેરાતો છાપવાનો હતો. આ વર્ષે સપ્ટેમ્બરમાં નકલી નોટો



સાથે જોડાયેલી આવી જ એક ઘટના સામે આવી હતી, જેમાં અભિનેતા અનુપમ ખેરની તસવીરવાળી ૫૦૦ રૂપિયાની નોટ મળી આવી હતી. ગુજરાતમાં અમદાવાદ પોલીસે મહાત્મા ગાંધીની જગ્યાએ અનુપમ ખેરની તસવીરવાળી રૂ. ૧.૬૦ કરોડની નોટો જપ્ત કરી છે. તેમજ નોટો પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને બદલે 'રિઝોલ બેંક ઓફ ઈન્ડિયા' છાપવામાં આવ્યું હતું.

અમને રૂ.૫૦૦ની ૨૦ નકલી નોટો મળી આવી હતી. જ્યાં સુધી તેમને નોટોની વિશેષતાઓ વિશે વિગતવાર જાણકારી ન હોય ત્યાં સુધી કોઈ ઓળખી શકશે નહીં કે તેઓ અસલી નથી, અધિક પોલીસ અધિક્ષક કાલુ સિંઘે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ મિનરલ વોટરની જાહેરાતો છાપતા હતા અને યુટ્યુબ ટ્યુટોરીયલ દ્વારા નકલી નોટો છાપવાનું શીખ્યા હતા. નકલી નોટો સાથે પોલીસે શંકાસ્પદો પાસેથી એક અલ્ટો કાર, પ્રિન્ટિંગ સાધનો, એક લેપટોપ, એક પ્રિન્ટર અને ૨૭ સ્ટેમ્પ પેપર જપ્ત કર્યા છે. હાલ પોલીસ આ અંગેની લીંક શોધી રહી છે જેથી માલુમ પડે કે સમગ્ર ઘટના કેવી રીતે ઘટી. તુજ નહીં આ કૌભાંડમાં અન્ય કોન લોકો સંડોવાયેલા છે તેની પણ હાલ તપાસ હાથ ધરવામાં આવી રહી છે તેવું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે.

# કેનેડા : સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્કીમ બંધ

## કેનેડામાં જઈ અભ્યાસ કરવું બનશે કપરૂ : SDS પ્રોગ્રામ ૨૦૧૮ માં શરૂ કરવામાં આવ્યો હતો

નવીદિલ્હી, તા. ૯

કેનેડાએ તેના સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ (SDS) પ્રોગ્રામને ૮ નવેમ્બરથી અચાનક જ સમાપ્ત કરી દીધો છે. આ પ્રક્રિયાથી ઝડપી અભ્યાસ પરમિટ મળી અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઝડપથી વિઝા મેળવવામાં મદદ મળી. SDS પ્રોગ્રામ ૨૦૧૮માં શરૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ્ય ભારત, ચીન અને ફિલિપાઈન્સ સહિત ૧૪ દેશોના વિદ્યાર્થી ઓ માટે વિઝા અરજી પ્રક્રિયાને સરળ બનાવવાનો હતો. SDS માટે અરજદારોએ ૨૦,૬૩૫ CAD અને અંગ્રેજી અથવા ફ્રેન્ચ ભાષાના ટેસ્ટ સ્કોર્સના મૂલ્યનું કેનેડિયન ગેરંટીડ ઈન્વેસ્ટમેન્ટ સર્ટિફિકેટ (GIC) ધરાવવું જરૂરી છે. SDS પ્રક્રિયા દ્વારા, સફળ અરજદારોએ થોડા અઠવાડિયામાં અભ્યાસ પરમિટ મેળવી. જ્યારે ઘણીવાર પરમિટ મેળવવામાં આઠ અઠવાડિયા જેટલો સમય લાગે છે. તેથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ પ્રક્રિયા હતી.

SDS નાબૂદ કરવા માટે ટાંકવામાં આવેલા કારણો કેનેડામાં આવાસ અને સંસાધનોની અછત અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વસ્તીને નિયંત્રિત કરવાના પ્રયાસ તરફ નિર્દેશ કરે છે. ૨૦૨૪ નીતિ ફેરફારો હેઠળ, કેનેડા સરકારે ૨૦૨૫ માટે ૪૩૭,૦૦૦ નવી અભ્યાસ પરમિટની મર્યાદા નક્કી કરી છે, જેમાં અનુસ્નાતક કાર્યક્રમો સહિત શિક્ષણના તમામ સ્તરોને આવરી લેવામાં આવ્યા છે. નવા નિયમો હેઠળ પ્રક્રિયાને વધુ મુશ્કેલ બનાવવામાં આવી છે. આ નિયમો હેઠળ, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને હવે લાંબા સમય સુધી રાહ જોવાનો સમય અને ઉચ્ચ પાત્રતા ધોરણોનો સામનો કરવો પડે છે. આવા વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ અગાઉથી સારી રીતે અરજી કરે અને તમામ નિયમોનું પાલન કરીને તેમના દસ્તાવેજો તૈયાર રાખે.

ખાલિસ્તાન સાથે જોડાયેલા મુદ્દે કેનેડા અને ભારત વચ્ચે તણાવ ઘણો વધી ગયો છે. બંને દેશોના વિદેશ મંત્રાલયોએ પણ એકબીજાને લઈને કડક નિવેદનો આપ્યા છે. આવી સ્થિતિમાં કેનેડા સરકારના આવા નિર્ણયો આની સાથે જોડાયેલા જોઈ શકાય છે, પરંતુ સ્પષ્ટ કહી શકાય તેમ નથી. આના માટે અન્ય ઘણા કારણો હોઈ શકે છે. આ પ્રોગ્રામમાં ઉચ્ચ સ્વીકૃતિ દર અને ઝડપી પ્રક્રિયા સમય હતો. આ પ્રોગ્રામ બંધ થવાથી, ભારત અને અન્ય ૧૩ દેશોના વિદ્યાર્થીઓએ લાંબી વિઝા પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડશે.

જો કે, SDS પ્રોગ્રામના અંત સાથે, કેનેડામાં અભ્યાસ કરવાની યોજના બનાવી રહેલા લાખો ભારતીય વિદ્યાર્થીઓને નોંધપાત્ર વિલંબનો સામનો કરવો પડશે. તેઓએ હવે પ્રમાણભૂત અભ્યાસ પરવાનગી પ્રક્રિયા દ્વારા અરજી કરવી પડશે, જે સામાન્ય રીતે ઘણો લાંબો સમય લે છે અને સ્વીકૃતિ દરો ઓછા છે. આવી સ્થિતિમાં કેનેડામાંથી શિક્ષણ મેળવવાનું સપનું જોનારા લોકોને આની અસર થશે. કેનેડા વર્ષોમાં પ્રથમ વખત દેશમાં આવતા ઈમિગ્રન્ટ્સની સંખ્યામાં ધરખમ ઘટાડો કરવાનું વિચારી રહ્યું છે. નવા આવનારાઓને આવકારવા પર લાંબા સમયથી ગર્વ અનુભવતો દેશ, કેનેડા હવે ઈમિગ્રન્ટ્સ પ્રત્યેની તેની નીતિમાં ફેરફાર કરી રહ્યું છે, જેના કારણે હાઉસિંગ કટોકટી, જીવન ખર્ચમાં વધારો અને તણાવપૂર્ણ આરોગ્યસંભાળ સિસ્ટમ આવી રહી છે. આ મુદ્દો કેનેડિયન રાજકારણમાં સૌથી વધુ વિવાદાસ્પદ મુદ્દાઓમાંનો એક બની ગયો છે, કારણ કે ફેડરલ ચૂંટણીઓ ઓક્ટોબર ૨૦૨૫ પહેલા સુનિશ્ચિત થયેલ છે. સર્વેક્ષણો દર્શાવે છે કે વસ્તીનો મોટો હિસ્સો વિચારે છે કે કેનેડામાં ઘણા બધા ઈમિગ્રન્ટ્સ છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## શું અમેરિકાનાં નવાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધ બંધ કરવા કે વૈશ્વિક શાંતિ માટે વિચારશે?



ગયા અઠવાડિયે ભારત સહિત સમગ્ર વિશ્વમાં સૌને મોઢે એક જ ચર્ચા હતી કે અમેરિકાનાં નવાં રાષ્ટ્રપતિ કોણ બનશે? અને સૌની આતુરતાનો અંત આવી ગયો. આઠ વર્ષ બાદ ફરી ડોનાલ્ડ ટ્રમ્પ આ ચૂંટણી જીતી ગયા. ગયાં વખતે જો બાયડને તેમને હરાવ્યા હતા પરંતુ આ વખતે એમણે ઉપરાષ્ટ્રપતિ કમલાહેરીશ ને હરાવીને નવો ઈતિહાસ રચી દીધો. અમેરિકામાં ૫૩૮ ઈલેક્ટોરલ કોલેજ વોટ છે, બહુમત માટે ૨૭૦ વોટની જરૂર હોય છે, ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ગયા છે. તેમને ૨૭૯ ઈલેક્ટોરલ મત મળ્યાં છે. જ્યારે કમલા હેરિસ ૨૨૩ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે. આમ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે. મોદીજીનાં એ મિત્ર છે અને એમણે તેમને અભિનંદન તેમજ શુભેચ્છા પાઠવી છે. ભારત પ્રત્યે એમને માન છે એવું એમણે કહ્યું છે.

દુનિયાનાં સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ ઈલોન મસ્ક ચૂંટણીની રાત્રે ફ્લોરિડામાં ટ્રમ્પના માર-એ-લાગો રિસોર્ટમાં ટ્રમ્પની સાથે હતાં, અને એ તેમના સૌથી મોટાં ટેકેદાર છે. ઈલોન મસ્ક એક રાજકારણથી દૂર એવી સાફ સુથરી છબી ધરાવતા ઉદ્યોગપતિ છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસ પછી, એમણે એમની પાર્ટી રિપબ્લિકનને જાહેરમાં સપોર્ટ આપ્યો! એટલું જ નહીં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બને એ માટે

તેમણે ટ્રમ્પને ફરીથી ચૂંટવાના હેતુથી સુપર પીએસીમાં ૧૧.૯ કરોડ ડોલર એટલે ૧૦.૦૩ અબજ રૂપિયા કરતાં વધુ રકમ દાનમાં આપી હતી. આ ઉપરાંત મહત્ત્વનાં રાજ્યોમાં લોકોને મતદાન કરવા માટે બહાર આવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે આ રાજ્યોમાં મતદારોને રોજના ૧૦ લાખ ડોલર આપવાની જાહેરાત કરી હતી, જેનો વિરોધ થયો હતો અને લોકો કોર્ટમાં પણ ગયા હતાં, પણ સુપ્રીમ કોર્ટમાં ઈલોન મસ્કની તરફેણમાં ચુકાદો આપ્યો. મસ્કની આ વ્યૂહરચનાએ વિશ્લેષકોને તેમના હેતુઓ વિશે વિચારતા કરી દીધા છે. ટ્રમ્પ ફરીથી ચૂંટાયા તેના કારણે મસ્કને ઘણો લાભ મળવાનો છે. નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ કહ્યું છે કે તેઓ બીજી ટર્મમાં ઈલોન મસ્કને પોતાનાં વટીવટીતંત્રમાં આમંત્રિત કરશે જેથી કરીને સરકારી વેડફાટ અટકાવી શકાય. મસ્કે આ સંભવિત પ્રયાસોને ''ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ ઍફિશિયન્સી'' અથવા ઉઘત્ર્ઞ્ઝ નામ આપ્યું છે. મસ્કે લોકપ્રિય બનાવેલી ક્રિપ્ટો કરન્સીનું પણ આ જ નામ છે. ટ્રમ્પના રાષ્ટ્રપતિકાળમાં ઈલોન મસ્કને પોતાની કંપની સ્પેસઍક્સ મારફત પણ લાભ થઈ શકે છે. સ્પેસઍક્સ સરકારી સેટેલાઇટને અંતરિક્ષમાં મોકલવાના બિઝનેસમાં પહેલેથી અગ્રણી સ્થાન ધરાવે છે. અમેરિકા સ્પેસએક્સ મારફતે અંતરિક્ષમાં જાસુસી ઉપગ્રહ મોકલીને અંતરિક્ષનું સતત નિરીક્ષણ કરશે એવું ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું.

વિશ્વના નેતાઓમા ડોનાલ્ડ ટ્રમ્પની સંપત્તિ સૌથી વધુ માનવામાં આવે છે, અને અંદાજે ૬.૬ અબજ ડોલર થી ૭.૭ અબજ ડોલર હોવાનું જાણવા મળ્યું છે. તેઓ કેટલીય પ્રકારના બીઝનેસ કરે છે, અને એમાં રિયલ એસ્ટેટનો બીઝનેસ મુખ્ય છે, તે એક સફળ બીઝનેસ મેન છે. ડોનાલ્ડ ટ્રમ્પના દાદાનું નામ ફ્રેડરિક ટ્રમ્પ અને દાદીનું નામ એલિઝાબેથ ક્રિસ્ટ ટ્રમ્પ હતું. ફ્રેડરિકનો જન્મ જર્મનીમાં થયો હતો, અને તેમણે ન્યૂયોર્કમાં ટ્રમ્પ પરિવારના રિયલ એસ્ટેટ બિઝનેસની સ્થાપના કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પનાં ત્રણ લગ્ન થયાં છે, એમની પ્રથમ પત્ની ઈવાનાનું ડેથ પણ થઈ ગયું છે, એમને ત્રણેય લગ્નથી પાંચ સંતાનો છે. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની પ્રજાને પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે અમેરીકી અર્થતંત્રને વધુ શક્તિશાળી બનાવવા વ્યુહાત્મક એજન્ડા પર કાર્યવાહી કરીશું.

ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર આવવાથી ભારતે રાજી થવું જોઈએ કે નહીં? એ પ્રશ્ન પણ વિચારવા જેવો ખરો! મોદી અને ટ્રમ્પ સારા મિત્રો છે એની ના નહીં, પણ ટ્રમ્પનો ભરોસો કરવા જેવો નથી. આજસુધી એણે લીધેલા નિર્ણયમાં બિઝનેસમાં ડ્યૂટીની વાત હોય કે ઈમિગ્રન્ટ્સને નોકરી આપવાની વાત હોય, એચ વન વીઝાની વાત હોય, ટ્રમ્પ હંમેશાં ભારતવિરોધી રહ્યા છે. હા, ખાસ કરીને નરેન્દ્ર મોદીને તેઓ સારા મિત્ર માને છે, પણ એનાથી રાજકારણ અટકતું નથી. ટ્રમ્પની ઈમેજ એવી છે કે એ બહુ ભરોસાપાત્ર નથી, એ ગમે ત્યારે ગૂગલી ફેંકીને નિર્ણયો બદલી શકે છે, અને એનાથી ભારતનું હિત જોખમાઈ શકે છે. એટલે એ કહેવું મુશ્કેલ છે કે ટ્રમ્પની જીતથી ભારતને ફાયદો થશે કે નહીં! આ ઉપરાંત કેરેક્ટરની રીતે જોઈએ તો પણ ગયા વખતની ચૂંટણીમાં સેક્સ સેન્ડલ પણ પ્રચલિત થયું હતું અને એણે એનાથી બહુ નાની ઉંમરની યુવતી સાથેના સંબંધોનો સ્વીકાર પણ કર્યો હતો! જોકે એ તો પશ્ચિમની સંસ્કૃતિનું એક પાસું છે, એટલે પ્રજા એ પણ તેને સહેજ ગણી એની પર પસંદગીની મહોર મારી.

વૈશ્વિક મંદી હોવા છતાં અમેરિકા આજે પણ અર્થતંત્રની રીતે સુદ્દઢ છે! એટલે બહુ સ્વાભાવિક રીતે સૌની નજર એની હિલચાલ પર હોય. ચરિત્રની રીતે જોઈએ તો ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ તરીકે કેટલા યોગ્ય છે કે અયોગ્ય? એ વાત કરતા મહત્વની વાત એ છે કે એમણે પોતાના ચૂંટણી પ્રચારમા અમેરિકામાં ઈન લીગલ વસવાટ કરનારા પર સખ્ત કાર્યવાહી કરશે એવું કહ્યું હતું, અને કમલા હેરિસ સામે પણ એમણે આ જ મુદ્દો ઉઠાવ્યો હતો કારણ કે કમલા હેરિસ ભારતીય મૂળના છે. એક સર્વે મુજબ આજે અમેરિકામાં ૭૨૫૦૦૦ ઈન લીગલ ભારતીય વસવાટ કરે છે, અને જો સખ્ત પગલાં ભરવામાં આવે તો! એ લોકો પાસે ઘર વાપસી સિવાય બીજો કોઈ ઓપ્શન નથી. પણ એમના સમર્થકો પુરા અમેરિકામાં છે, કારણ કે એ દેશહિત માટે કોઈની પણ સાથે સંબંધ જોડી પણ શકે છે અને તોડી પણ શકે છે. ભારત સાથે અમેરિકા વેપારની રીતે પણ સુદ્દઢ સંબંધ ધરાવે છે, ભારત ૪૨ મિલિયન ડોલર આયાત કરે છે તો સામે ૭૨ મિલિયન ડોલર નિકાસ પણ કરે છે અને એ રીતે ભારતનું પલ્લું મજબૂત છે. આ વખતે એમણે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, પોતે જો આ ચૂંટણી જીતશે તો એ યુદ્ધને સમાપ્ત કરશે, અને વિશ્વને શાંતિના પથ પર ચાલવા અનુરોધ કરશે! આ વાત પૂજ્ય બાપુ એ પણ કથામાં કહી. આમ તો સત્તાની હોડ દરેકે દરેક ક્ષેત્રમાં હોય જ છે પરંતુ રાજકારણમાં જ્યારે આ વિકૃતિ પ્રવેશે ત્યારે સમગ્ર દેશ અને એનાથી ઉપર વિશ્વ અશાંત બને છે. આતંકવાદ એ આજની સૌથી મોટી સમસ્યા છે અને એનો ઉકેલ દરેકે સાથે મળીને લાવવો પડશે! વાસુદેવ કુટુંબની વાત આપણા લોકલાડીલા નેતા નરેન્દ્રભાઈ મોદીએ પણ વિશ્વ ફલક પરથી પ્રસારિત કરી અને G૨૦ સમિટમાં એને મુખ્ય મુદ્દા તરીકે આવકાર્યું હતું. કારણ કે શાંતિ માટે કુટુંબની કે પરિવારની ભાવના બહુ મહત્વની ભૂમિકા ભજવે છે, લોકો પોતાનાની ભૂલને પણ આસાનીથી માફ કરી દેતા હોય છે, અને એ જ રીતે અત્યારે યુદ્ધ જેવા આક્રમક વલણ સામે કુટુંબની સંવેદનશીલતાનો મુદ્દો બહુ સુંદર પરિણામ આપી શકે છે. તો આશા રાખીએ કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના નિવેદન પર કામ કરે, યુદ્ધ બંધ થાય અને વિશ્વમાં શાંતિની સ્થાપના થાય. જય હિન્દ

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

સલામત સવારી....એસ.ટી અમારી

# બે વર્ષમાં ST નીગમે ૨૭૮૭ નવી બસો કરી કાર્યરત

રાજકોટ, તા. ૯

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યના નાગરિકોની મુસાફરીને વધુ સુગમ બનાવવાં અનેક નવીન બસો કાર્યરત કરવામાં આવી છે, જેમાં છેલ્લા બે વર્ષમાં ૪૦૦ મિની બસો, ૩૦૦ લક્ઝરી કોચ બસો, ૪૦૦ સ્લીપર કોચ બસો, ૧૬૮૨ એક્સપ્રેસ સર્વિસ બસો તેમજ ૫ ઈલેક્ટ્રીક ડબલ ડેકર મળી કુલ ૨૭૮૭ બસ સર્વિસો સંચાલનમાં મુકીને નાગરિકોની મુસાફરી વધુ સરળ બનાવવામાં આવી રહી છે, સાથોસાથ નાગરિકોની વધુ સુગમ મુસાફરી માટે નિગમ દ્વારા ૧૦૦ જેટલી નવીન વોલ્વો બસ સર્વિસની તબક્કાવાર ફાળવણી કરવામાં આવી છે,

આ ઉપરાંત રાજ્યમાં સૌથી વધુ મુસાફરોની અવર-જવર અમદાવાદમાં આવેલ ગીતા મંદિર બસ સ્ટેશનમાં નોંધાઈ છે જ્યાં દૈનિક એક લાખ કરતા વધુ મુસાફરો એસ.ટી મારફતે પોતાના ગંતવ્ય સ્થાને પહોચે છે, એમ રાજ્ય માર્ગ પરિવહન વિભાગની યાદીમાં જણાવાયું છે.

વધુમાં યાદીમાં જણાવાયું છે કે, હાલમાં એસ.ટી નિગમ દ્વારા જુદા-જુદા કુલ ૧૫,૫૧૯ રૂટો ઉપર ૪૨,૦૭૫ ટ્રીપો થકી બસ સર્વિસોનું સંચાલન કરવામાં આવે છે, તેમજ નિગમને મુસાફરો થકી સરેરાશ દૈનિક રૂ. ૯ કરોડ જેટલી આવક થાય છે. મુસાફરોની સુવિધામાં વધારો થાય તે હેતુથી નિગમ દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦૦થી વધુ અત્યાધુનિક બસ સ્ટેશનો બનાવવામાં આવ્યા છે, જેમાં મુસાફરોને પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ, શૌચાલયો, આરામ ગૃહો, પેસેન્જર એનાઉન્સમેન્ટ સિસ્ટમ, પબ્લિક રીફ્રેશમેન્ટ માટે પૂરતા સ્ટોલ-કેન્ટીનની સાથે મુસાફરો માટે યોગ્ય બેઠક વ્યવસ્થા જેવી માળખાગત સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.




**એસ.ટી નિગમને ૧૫,૫૧૯ રૂટો તથા ૪૨,૦૭૫ ટ્રીપો દ્વારા દૈનિક ૯ કરોડની આવક**

સમયની સાથે એસ.ટી નિગમે પણ મુસાફરોની સુવિધામાં અનેક બદલાવ કર્યા છે, જેમાં નિગમે BS-VI કક્ષાની બસ સર્વિસ સંચાલિત કરીને વાયુ પ્રદુષણનું પ્રમાણ ઘટાડવાનો પ્રયાસ કર્યો છે, મુસાફરોને બસોમાં જીપીએસ સિસ્ટમ દ્વારા પોતાની બસનું ઓનલાઈન ટ્રેકિંગ કરવાની સુવિધા, ઓનલાઈન ટિકિટ બુકિંગની સુવિધા, જેવી અનેક ટેક્નોલોજી યુક્ત સુવિધા ગુજરાત એસ.ટીની એપ્લીકેશન દ્વારા આપવામાં આવી રહી છે.

આ ઉપરાંત રાજ્ય માર્ગ પરિવહન વિભાગ - પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા નાગરિકોની સુખાકારી યાત્રા માટે ૫૦ મીની એ.સી ઈલેક્ટ્રીક બસ તેમજ પાંચ ડબલ ડેકર એ.સી ઈલેક્ટ્રીક બસો વિવિધ રૂટો પર સંચાલનમાં મુકવામાં આવી છે.

ગ્રામીણ વિસ્તારમાં રહેતા અનેક વિદ્યાર્થીઓ સ્કૂલ, કોલેજ ગામથી દુર હોવાથી તે શાળાએ જવામાં મુશ્કેલીઓ અનુભવતા હતા, ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધી અભ્યાસ અર્થે શાળામાં જવા-આવવા માટે નિગમ દ્વારા રાહત દરથી પાસની યોજના એટલે કે મુસાફર પાસ યોજના લાંબા સમયથી અમલમાં મુકવામાં આવી છે, એમાં પણ ગ્રામીણ વિદ્યાર્થીનીઓ માટે ૧૦૦% ફ્રી અને તમામ વિદ્યાર્થીઓ તેમજ શહેરી વિદ્યાર્થીનીઓને ભાડામાં ૮૨.૫૦% રાહત એસ.ટી મારફતે પુરી પાડવામાં આવે છે. ઉપરાંત ધંધા-રોજગાર માટે દૈનિક અપડાઉન કરતા મુસાફરો માટે નિગમ દ્વારા ૫૦% રાહત દરે મુસાફરી કરાવવામાં આવે છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે, સમગ્ર વિશ્વમાં ૧૦ નવેમ્બરના દિવસે વિશ્વ પરિવહન દિવસની ઉજવણી કરવામાં આવે છે, આ દિવસનો મુખ્ય હેતુ ટ્રાફિકની નકારાત્મક અસરોના કારણે પર્યાવરણને થતા નુકશાન વિશે નાગરીકોને જાગૃતિ લાવવા તેમજ નાગરિકોને જાહેર પરિવહનનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાના ઉદેશ્ય સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

# સ્માર્ટ સિટી વિસ્તારમાં ITની કામગીરી ચડી ખોરંભે

## એજન્સીને બ્લેકલિસ્ટ કરવા અપાઈ નોટિસ : જનરલ બોર્ડમાં આ અંગે થશે નિર્ણય

રાજકોટ, તા. ૯

રાજકોટ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ ને અમલી બનાવવામાં આવ્યો છે જે માટે અનેકવિધ માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટેની તમામ તૈયારીઓ હાલ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી છે એટલું જ નહીં એજન્સીને પણ આ કામગીરી પૂર્ણ કરવા માટે જણાવવામાં આવ્યું છે પરંતુ ઘણો લાંબો સમય વીતી ગયો છતાં જે ઇન્ફોર્મેશન ટેકનોલોજી ને લગતી કામગીરી પૂર્ણ થવી જોઈએ તે પૂર્ણ થતા હાલ સંબંધિત એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવી છે અને આ માટે મહાનગરપાલિકાએ નોટિસ પણ આપી દીધેલી છે. ત્યારે આવનારા દિવસોમાં આ અંગે ઝડપભેર કામગીરી હાથ ધરાય તે માટે હવે કયા પ્રકારના પગલા લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત હાલ અનેકવિધ કામો શરૂ કરી દેવામાં આવ્યા છે તેટલું જ નહીં જુદા જુદા વિભાગોમાં પણ જે કામગીરી હાથ ધરવામાં આવી છે તેમાં પણ ઘણી રાહ જોવાઈ રહી છે ત્યારે જે એજન્સીઓ દ્વારા ઢીલી નીતિ અપનાવવામાં આવેલી હોય તેમને નોટિસ આપી બિલ ની



રકમ હોલ્ડ પર મૂકી દેવામાં આવી છે. આ અંગે એક નહીં અનેક તર્ક-વિતરકો પણ થઈ રહ્યા છે. ખાનગી એજન્સી ને લાંબા ગાળાના કોન્ટ્રાક્ટ સાથે સંચાલન કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી પરંતુ એજન્સી દ્વારા આ અંગે કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા અંતે હવે તેને બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના માર્ચ સિટીના એક તરફ પોતાના ઈન્ટીગ્રેટેડ ઓપ્ટિકલ ફાઈબર ટેલીકોમ્યુનિકેશન નેટવર્ક ઊભું કરવા માટેની તૈયારી શરૂ કરી હતી એટલું જ નહીં લાંબા સમયથી આ અંગે અંડરગ્રાઉન્ડ કેબલિંગ નું કામ પણ યથાવત રીતે કરવામાં આવી રહ્યું હતું પરંતુ કે પી એમ જી ને આ કામગીરી જે સોંપવામાં આવી તેના દ્વારા જે ગતિથી થવું જોઈએ તે કામ થયું ન હતું પરિણામ સ્વરૂપે હાલ બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય મહાનગરપાલિકાએ લીધેલો છે એટલું જ નહીં આ કંપનીને સોફ્ટવેર તૈયાર કરવા માટેની પણ કામગીરી સોંપવામાં આવી હતી.

હાલ જે રીતે રાજકોટ શહેરનો વિકાસ થઈ રહ્યો છે તેને ધ્યાને લઈ જે ઝડપથી કામ થવું જોઈએ તે થયું ન હતું અને માત્ર 30% જેટલું જ કામ થયું હોવાનું માલુમ પડ્યું છે જેથી એજન્સીને બ્લેકલિસ્ટ કરવા માટેની નોટિસ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવી છે ત્યારે આગામી બોર્ડ માં આ અંગે નિર્ણય લેવામાં આવે તેવું પણ હાલ મહાનગરપાલિકાના સૂત્રો જણાવી રહ્યા છે.

અટલ સરોવરનું લોકાર્પણ થઇ જવા છતાં હજુ કેટલુંક પરચુરણ કામ બાકી હોય, એજન્સીનું રૂા. ૧૦ કરોડ જેટલું પેમેન્ટ રોકવામાં આવ્યું છે. એલ એન્ડ ટીએ રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામ પૂર્ણ કર્યુ છે. માર્ચમાં સ્માર્ટ સીટી પ્રોજેકટ પૂરા દેશમાં પૂરા કરવાના છે. પરંતુ આઇ.ટી. અને સોફટવેરની કામગીરી અટકી જતા ઘોર વિલંબ થયો છે.

મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરાશે

# ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે માટે સરકાર કટિબદ્ધ



રાજકોટ તા.૯

ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન તા.૧૧ નવેમ્બરથી કરાયુ છે.

રાજકોટ જીલ્લામાં પડધરી અને લોધિકા તાલુકામાં અઙખઈ ના હોય તે તાલુકાની મગફળીની ખરીદી રાજકોટ અઙખઈ ખાતે કરવામાં આવશે. કોટડાસાંગાણી તાલુકાની ખરીદી ગોંડલ અઙખઈ ખાતે અને બાકીના તાલુકાની મગફળીની ખરીદી તે તાલુકાની અઙખઈ ખાતે કરવામાં આવશે. મગની ખરીદી ધોરાજી, ગોંડલ, જેતપુર અને રાજકોટ તાલુકાના અઙખઈ ખાતે તેમજ અડદની ખરીદી ગોંડલ, જામકંડોરણા, જેતપુર તાલુકાના અઙખઈ ખાતે કરવામાં આવશે. અડદની પડધરી તાલુકાની ખરીદી રાજકોટ અઙખઈ ખાતે કરવામાં આવશે.

સોયાબીનની ખરીદી ધોરાજી, ગોંડલ, જસદણ, જેતપુર, ઉપલેટા તાલુકાની અઙખઈ ખાતે તેમજ પડધરી અને રાજકોટ તાલુકાની સોયાબીનની ખરીદી રાજકોટ અઙખઈ ખાતે નક્કી કરાઈ છે. કોટડાસાંગાણી તાલુકાની સોયાબીનની ખરીદી ગોંડલ અઙખઈ ખાતે કરવાનું નક્કી કરાયું હોવાનું જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા જણાવાયું છે.ખેડૂતોને ખરીફ પાકોના પોષણક્ષમ ભાવ મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

# રાજકોટની મુલાકાત લેતી ગુજરાતી ફિલ્મ ''બબલી બિન્દાસ''ની ટીમ

## પ્રમોશન માટે કલાકારો શહેરમાં : ૧૫ નવેમ્બરએ સિનેમાઘરોમાં થશે રીલિઝ



રાજકોટ મિરર, તા.૯

ગુજરાતી ફિલ્મ ''બબલી બિન્દાસ''ની સ્ટારકાસ્ટ રાજકોટમાં પોતાની ફિલ્મને પ્રમોટ કરવા પહોંચ્યા હતા. જેમાં ફિલ્મના કલાકારો નિરાલી ઓઝા, ગેન્સી કનેરીયા, મગન લુહાર, કિન્નરી પંચાલ, રવિ રાવ, કાર્તિક રાષ્ટ્રપાલ, અજય પટેલ, સતીષ ભટ્ટ, નૈસર્ગ મિસ્ત્રી,અભિમન્યુ સિંહ, અરવિંદ વેગડા અને ફિલ્મના ડાયરેક્ટર વસંત નારકર, પ્રોડ્યુસર કલ્પેશ શ્રોફ છે તેમણે રાજકોટ પહોંચી પોતાની ફિલ્મનું પ્રમોશન કર્યું હતું.

ફિલ્મનું મ્યુઝિક કૃતાર્થ તળાવિયાએ આપ્યું છે, ફિલ્મના ત્રણે ત્રણ ગીતો સાંભળવા જેવા છે. એમાં ''મનમાની'' લોકોને બહુજ ગમશે. ગાયક કલાકારોમાં દીપક ચૌહાણ, રેચલ, અને અરવિંદ વેગડા એ બહુજ સુંદર કામ કર્યું છે.

ફિલ્મનું મ્યુઝિક ખૂબ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું છે. બબલી બિન્દાસ એક હલકી ફૂલકી કોમેડી ફિલ્મ છે જે દર્શકોને સારો સંદેશો આપી જશે. આ ફિલ્મની ખાસ વાત તેની સ્ટોરી લાઈન કલાકારો છે જેમણે આમાં અદભુત કામ કર્યું છે.

ઘણી બધી ગુજરાતી ફિલ્મો આવી પણ આ એક અલગ પ્રકારની કોમેડી ફિલ્મ છે. જેમાં દર્શકો પેટ પકડીને હસસે ફૂલ મનોરંજન લઈને થિયેટરમાંથી બાહર આવશે.તદ્દન જુદા કોન્સેપ્ટ સાથે આ ફિલ્મ દર્શકો માટે તૈયાર કરવામાં આવી છે.



# MSME અંગે ક્લસ્ટર આઉટરિચ કાર્યક્રમ યોજાયો

## નાણામંત્રી નિર્મલા સીતારામન ઓનલાઇન રહ્યા હાજર : ૧૦૦થી વધુ ઉદ્યોગકારો ઉપસ્થિત

રાજકોટ તા. ૯

ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્શિયલ સર્વિસિસ, ભારત સરકાર દ્વારા બેંક ઓફ બરોડાનાં સંકલનથી રાજકોટમાં MSME ક્લસ્ટર આઉટરીચ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. નાણા અને કોર્પોરેટ બાબતોનાકેન્દ્રીય મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં આ ક્લસ્ટર આઉટરિચ કાર્યક્રમનું આયોજન થયું હતું, જેમાં સિતારમણે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજકોટમાં ખજાખઊ ઉદ્યોગપતિઓ સાથે ઉંડાણપૂર્વકની ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમનો ઉદ્દેશ ખજાખઊ ઉદ્યોગોને મળતા વિવિધ સરકારી લાભો અંગે માહિતી ઉપલબ્ધ કરાવવાનો હતો. આ કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી સંજય મુદલિયાર, BOB રાજકોટ ઝોનના જનરલ મેનેજર અને અંચલ પ્રમુખ સુશાંત કુમાર મોહંતી, તમામ જાહેર ક્ષેત્રની બેંકોના પ્રાદેશિક વડાઓ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવ, રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનના અધ્યક્ષ નરેન્દ્રભાઈ પંચાણી, અને રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિઓ અને અધિકારીઓની ખાસ ઉપસ્થિત રહ્યા હતા.વિવિધ ઉદ્યોગોના ૧૦૦ થી વધુ ઉદ્યોગસાહસિકો કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. MSMEs માટે વ્યવસાય કરવાની સરળતા વધારવા માટે યોજનાઓ, પ્રોત્સાહનો અને ધિરાણની સુવિધા અંગે ઊંડાણપૂર્વક માહિતી અપાઈ હતી.



# શુભ લગ્નોત્સ

## રાજકોટના આર.કે.જાડેજાના સુપુત્ર ચિ.કું. જયરાજસિંહ જાડેજાના શુભ લગ્ન

**રાજકોટ મિરર :** કાલાવડ રોડ પર, ક્રિષ્ટલ મોલ પાછળ રહેતા આર.કે.જાડેજાના સુપુત્ર ચિ.કું. જયરાજસિંહના શુભ લગ્ન સૌ.કાં.ચિ. કૃપાબા સાથે તા.૧૬મી નવેમ્બરે નિર્ધાર્યા છે. આ દિવસે સવારે ૮ વાગ્યે ગણેશ સ્થાપના બાદ ૮-૩૦ કાલાકે નિવાસ સ્થાનેથી વેલ પ્રસ્થાન થશે. રીજન્સી લાગુલ રિસોર્ટ, ન્યારી ડેમ-કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાનાર શુભ લગ્નોના અન્ય આયોજનમાં તા.૧૭ ના રોજ સવારે ૧૦ વાગ્યે મંડપ મુહુર્ત તેમજ ડાયરો, સાંજે ૫ વાગ્યે સામે ચડવાનું મુહુર્ત અને ૭-૩૦ વાગ્યે હસ્તમેળાપ થશે. જાડેજા પરિવારમાં શુભ લગ્નના શરણાઈના સૂર અને ઢબુકનાર ઢોલથી સાર્વત્રિક આનંદ છવાયો છે.

## માધાપરના માવજીભાઈ ડોડીયાના સુપુત્રી ચિ. શિવાની ડોડીયાના શુભ લગ્ન

**રાજકોટ મિરર :** માધાપર નિવાસી અનિલભાઈ માવજીભાઈ ડોડિયાની સુપુત્રી શિવાનીના શુભ લગ્ન તા.૧૭ નવેમ્બરના રોજ મૂળ સતાપર હાલ રાજકોટ નિવાસી સવદાસભાઈ તેજાભાઈ પરમારની સુપુત્ર કુલદીપ સાથે નિર્ધાર્યા છે. જામનગર રોડ પર શિવ શક્તિ પાર્ટી પ્લોટમાં યોજાનાર શુભલગ્નના ઉમંગથી ડોડીયા અને પરમાર પરિવાર એમ બંને પક્ષોના પરિવારજનોમાં ઉમંગની લહેર છવાઈ છે.

## રાજકોટના એભલભાઈ કુવાડિયાના સુપુત્ર ચિ.ભાર્ગવ કુવાડીયાના શુભ લગ્ન

**રાજકોટ મિરર :** મૂળ ખંઢેરી હાલ રાજકોટ નિવાસી એભલભાઈ પ્રતાપભાઈ કુવાડિયાના સુપુત્ર ચિ.ભાર્ગવના શુભ લગ્ન ઉપલેટા નિવાસી દીપકભાઈ જીવાભાઈ સોનારાની સુપુત્રી ચિ. ડો. આયુષી સાથે તા. ૨૬ મી નવેમ્બરના રોજ નિર્ધાર્યા છે. પોરબંદર હાઈવે, આર્યશ પાર્ટી પ્લોટ, ઉપલેટા ખાતે યોજાનાર શુભ્લાગ્નથી કુવાડિયા અને સોનારા પરિવારજનોમાં સર્વત્ર આનંદ ફેલાયો છે.

## નિવૃત બેંક અધિકારીને ડીજીટલ એરેસ્ટ કરી ૧૫ દિવસ સુધી બાનમાં લેનાર

# ભેજાબાજ ગેંગના ૭ શખ્શો ઝડપાયા : ૨ શખ્સ ૪ દિવસના રિમાન્ડ પર

### શહેર ક્રાઈમ બ્રાંચે જુદા જુદા શહેરોમાંથી ઝડપી લીધા : પીઆઈ બી.બી. જાડેજાની ''રાજકોટ મિરર'' સાથે વાતચીત : અન્ય પાંચ ધકેલાયા જેલમાં



રાજકોટ મિરર, તા.૯

શહેરના એક નિવૃત બેંક કર્મચારીને ડીજીટલ એરેસ્ટ કરી, સતત ૧૫ દિવસ સુધી બાનમાં રાખી, માનસિક ત્રાસ વચ્ચે રૂ. ૫૬ લાખ પડાવી લેનાર ગેન્ગના ૭ ભેજાબાજોને જુદા જુદા શહેરોમાંથી પકડવામાં શહેર ક્રાઈમ બ્રાંચને મહત્વની સફળતા મળી છે. પકડાયેલા સાત શખ્શોમાંથી ફ્રોડમાં લીડીંગ રોલ ધરાવતા ૨ શખ્શના ૪ દિવસના કોર્ટે રિમાન્ડ મંજુર કર્યા હોવાનું તેમજ અન્ય પાંચ ભેજાબાજો જેલમાં ધકેલાયા હોવાનું પીઆઈ બી.બી. જાડેજાએ ''રાજકોટ મિરર'' સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું. સાતેય શખ્શોએ છેલ્લા અઢી ત્રણ મહિના દરમિયાન કરોડો રૂપિયા ડીજીટલ એરેસ્ટના ષડયંત્રથી ભેગા કરી વિદેશમાં ટ્રાન્સફર કર્યા હોવાની પ્રાથમિક મળેલી વિગતોના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના હસનવાડીમાં ''વ્રજ નિકુંજ'' મકાનમાં રહેતા અને અગાઉ સુરતમાં પંજાબ બેંકમાં નોકરી કરતા અને હાલ નિવૃત મહેન્દ્રભાઈ અંદરજીભાઈ મહેતા ઉ.વ.૭૩ને ગત તા. ૧૧ જુલાઈના રોજ તેઓ પોતાના પત્ની સાથે હોસ્પિટલમાં હતા. ત્યારે એક અજાણ્યા નંબરમાંથી તેમને ફોન આવ્યો હતો. અને સામે વાત કરનાર અજાણ્યા હિન્દી ભાષી શખ્સે પોતે મુંબઈના તિલકનગર પોલીસ સ્ટેશનમાંથી બોલતો હોય અને મહેન્દ્રભાઈ વિરુદ્ધ મનીલોન્ડ્રીંગનો ગુનો નોંધાયો હોવાનું કહ્યું હતું અને તેમને સતત ૧૫ દિવસ સુધી ડીઝીટલ એરેસ્ટના નામે ધમકી આપી અલગ અલગ બેંક એકાઉન્ટમાં ૫૬ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતાં.

આ મામલે સાયબર ક્રાઈમાં ફરિયાદ નોંધાયા બાદ આ પ્રકરણમાં પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી સાયબર ક્રાઈમના ઈન્ચાર્જ એસીપી ભરત બી. બસિયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ બી.બી. જાડેજા, પીઆઈ એમ. એ. ઝણકાટ, એએસઆઈ જે.કે. જાડેજા સાથે શિવભદ્રસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ ઝાલા, પૃથ્વીસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી સહિતના સ્ટાફે તપાસનો ધમધમાટ શરુ કરી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ૭ શખ્શને દબોચી લીધા છે.

જેમાં જૂનાગઢના દેવવાડી પાસે વર્ધમાન કોમ્પલેક્ષમાં રહેતા અને એમ.બી.એ.નો અભ્યાસ કરતા મહેક કુમાર ઉર્ફે મયંક નિતિનભાઈ જોટાણિયા ઉ.વ.૨૪, જૂનાગઢના જોષીપુરા અમરનાથ એપાર્ટમેન્ટમાં રહેતા હિરેન મુકેશભાઈ સુબા ઉ.વ.૩૧, અમદાવાદના સલાપસરોડ પથ્થરકુવામાં રહેતા મહમ્મદ રિઝવાનખાન ઈસાકશાન પઠાણ ઉ.વ.૩૫, પાટણના રાધનપુરના ચૌધરીવાસમાં રહેતા પરેશ ખોડાભાઈ ચૌધરી ઉ.વ.૨૯ અને તેના ભાઈ કલ્પેશ ખોડાભાઈ ચૌધરી સાથે પાટણના ચાણસમાંના રબારીવાસમાં રહેતા વિપુલ લાભુભાઈ દેસાઈ તથા ઈડરના ભદ્રેસરમાં રહેતા વિપુલ જેઠાલાલ નાયકનો સમાવેશ થાય છે.

### વિદેશી સાયબર માફિયાઓ સાથે ગુજરાતનું કોણ કોણ ?

ડિજિટલ એરેસ્ટના નામે રૂપિયા પડાવતી ટોળકીના ભાડુઆતી માણસોની ધરપકડ બાદ આ રેકેટમાં હજુ પણ તેમના આકાઓની ધરપકડ પોલીસ કરશે. તપાસમાં જાણવા મળ્યું કે, તમ્બોડિયા, તાઈવાન સહિતના દેશોમાં આ ટોળકી સક્રિય હોય જે ગુજરાતના કેટલાક શખ્સો સાથે સંપર્કમાં આવીને ગુજરાતના મોબાઈલ ધારકોના ડેટા મેળવીને આ સમગ્ર રેકેટ ચલાવે છે. જેમાં વિદેશી સાયબર માફિયા ટોળકી સાથે સાઠગાઠ ધરાવતા ગુજરાતના શખ્સોની પણ સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી છે.

### હિરેન અને વિપુલ ૪ દિવસના રિમાન્ડ પર



શહેર ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ બી.બી. જાડેજાએ ''રાજકોટ મિરર'' સાથે ટેલીફોનીક વાતમાં જણાવ્યું હતું કે, પકડાયેલા સાતેય શખ્શોને, સાત દિવસની રીમાન્ડની માંગ સાથે આજે કોર્ટમાં રજુ કર્યા હતા પણ જેમાના બે શખ્શ હિરેન મુકેશભાઈ સુબા(જુનાગઢ) અને વિપુલ લાભુભાઈ દેસાઈ(ચાણસ્મા) ના ૪ દિવસના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા હતા. જ્યારે મહેક, મહમદ, પરેશ, કલ્પેશ અને વિપુલ નાયક એમ પાંચેયને જેલહવાલે કરાયા છે. રિમાન્ડ પર લેવાયેલા બંને શખ્શોની આકરી પૂછપરછ વચ્ચે નવી કડીઓ અને આરોપીઓ, ફ્રોડના બનાવો બહાર આવવાની શક્યતા જાડેજાએ વ્યક્ત કરી હતી.

### ૨૦૦થી વધુ એકાઉન્ટ ભાડે રાખી કરાતી'તી છેતરપીંડી

જૂનાગઢના એમબીએના છાત્ર કે જે તેના મિત્રની મદદથી સૌરાષ્ટ્રનું નેટવર્ક અને સાબરકાંઠાના બે સગા ભાઈઓ ઉત્તર ગુજરાતનું નેટવર્ક સંભાળતા હતાં અને આવા ૨૦૦થી વધુ એકાઉન્ટ ભાડે રાખીને છેતરપીંડીની રકમ મુંબઈ, ઓડિસા અનેસુરતમાં મોકલ્યા બાદ ત્યાંના નેટવર્ક ચલાવતા ગઠિયાએ આ રકમ વિદેશમાં હવાલા મારફતે મોકલી દીધી હોવાનું કહેવાય છે. આ દિશા તરફ પણ તપાસનો દૂર લંબાવાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચલાવાતું હતું નેટવર્ક

સાતેય સખ્શોની પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે, ઉત્તર ગુજરાતનું નેટવર્ક વિપુલ લાભુ દેસાઈ જ્યારે સૌરાષ્ટ્રનું નેટવર્ક જૂનાગઢના હિરેન અને મહેક સંભાળતા હતાં. સાયબર માફિયા ગેંગના આ ૭ ભાડુતી માણસો અન્યોને ભાડેથી એકાઉન્ટ અપાવતા હતા અને એકાઉન્ટ ભાડે આપનારને દર મહિને ૧૫ હજાર જેટલી રકમ પણ ચૂકવતા હતાં. એકાઉન્ટ શોધી આપનારને ૫ હજાર કમીશન અપાતું હતું.

### મુખ્ય ભેજાબાજ દિલ્હીમાં, કરોડોના વહેવારો ?

પોલીસને એવી પણ વિગતો મળી હતી કે પકડાયેલા સાતેય શખ્શોનો મુખીયો એવો મુખ્ય સુત્રદ્ધાર હાલ દિલ્હીમાં હોય અને આ છેતરપીંડીની રકમ મુંબઈ, ઓડીસા અને સુરત મારફતે દિલ્હી પહોંચતી હતી અને દિલ્હીથી હવાલા મારફતે આ રકમ વિદેશમાં મોકલવામાં આવતી હોવાનો ખુલાસો થયો છે. ત્રણ મહિનામાં કરોડો રૂપિયાની રકમ વિદેશમાં હવાલા મારફતે મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીની ઢગલામોઢે આવક : ખેડૂતો ખૂશ



રાજકોટ મિરર, ગોંડલ તા.૯

ગોંડલના માર્કેટ યાર્ડમાં આજે ડુંગળીની પુષ્કળ આવક થઇ હતી. યાર્ડ સુત્રોના કહેવા પ્રમાણે અહી દરેક જણસીના ઊંચા મળતા ભાવથી ખેડૂતો અને પરપ્રાંતીય વેપારીઓ પણ સમયાંતરે યાર્ડનો લાભ લઇ રહ્યા છે.

ડુંગળીની આવક અંગે યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, આજે મોટી સંખ્યામાં યાર્ડમાં ખડકાઈ ગયેલા વાહનોમાંથી અંદાજે ૬૦-૬૫ હજાર ડુંગળીના કટ્ટાની આવક થઇ હતી.

હરાજી દરમિયાન ખેડૂતોને ૨૦ કિગ્રાના આશરે ૪૦૦ થી ૧૦૦૦ જેવા બજાર ભાવ મળતા ખેડૂતોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. તેઓએ એવું પણ જણાવ્યું હતું કે, આજે રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યના વેપારીઓ ખરીદી માટે યાર્ડમાં આવ્યા હોવાથી યાર્ડસુત્રોએ પરપ્રાંતીય વેપારીઓને સત્કારી યાર્ડની કાર્યવાહી, હરાજી વિગેરે બાબતે વાકેફ કરી જરૂરી માહિતી આપી હતી. ગોંડલ યાર્ડમાં ખેડૂતોને દરેક જણસીના ઊંચા ભાવ મળતા હોવાથી ખેડુતો ખુશખુશાલ દેખાયા હતા.

(ફોટો : કુલદીપસિંહ જાડેજા)

# દારૂની ૧૮૦ બોટલ ભરેલી કાર સાથે સંજય સોલંકી ઝડપાયો

### દારૂ, કાર, મોબાઈલ મળી રૂ. ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કરતી શહેર ક્રાઈમ બ્રાંચ

રાજકોટ મિરર, તા.૯

શહેર ક્રાઈમ બ્રાંચના કાફલાએ બાતમી પરથી મહિલા કોલેજ પાછળથી એક શખ્શને દારૂ ભરેલી કાર સાથે પકડી પાડી, રૂ. ૩.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શહેર ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ. ડામોરના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.ડી. ડોડીયાની ટીમના પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન પો.હેડ કોન્સ. અમીતભાઇ અગ્રાવત, યુવરાજસિહ ઝાલા, પો.કોન્સ. વિશાલભાઇ દવેને બાતમી મળી હતી કે, રાજકોટ શહેર, કાલાવડ રોડ, મહિલા કોલેજ પાછળ આવેલ સેતુબંધ સોસાયટીમાંથી સંજય મુળુ સોલંકી ઉ.વ. ૫૦ (રહે- સેતુબંધ સોસાયટી બંધ શેરી, મહિલા કોલેજ પાછળ,કાલાવડ રોડ, રાજકોટ)ને તેમની હ્યુંડાઇ વર્ના ફોર વ્હિલ કારમાંથી ગે.કા. વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પોલીસે દરોડા દરમિયાન ૧૮૦ દારૂની બોટલ, એક હુન્ડાઈ કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ફલ ૩,૧૫,૪૮૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. સંજયને પકડવામાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, પીએસઆઈ, વી.ડી.ડોડીયા, પોલીસ હેડ કોન્સ્ટેબલ સંજયભાઇ રૂપાપરા, અમીતભાઇ અગ્રાવત, દિપકભાઇ ચૌહાણ, યુવરાજસિંહ ઝાલા, મયુરભાઇ મિયાત્રા, રાજેશભાઇ જળુ, પોલીસ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જાડેજા, અશોકભાઇ ડાંગર, વિશાલભાઇ દવે વિગેરે રોકાયા હતા.

# ખીરસરા ITIથી હરીપર પાળ સુધીના રોડ પર મુસાફરો માટે બસસ્ટેન્ડ બનાવવા ઉગ્ર માંગણી

રાજકોટ ખીરસરા(રણમલજી) તા.૯

ખીરસરા રણમલજી આઈટીઆઈથી લઈને હરીપર પાળ સુધી એસટી બસ કે રાજકોટ રાજપથ લી.ની સિટી બસના મુસાફરો માટે એક પણ બેસવા માટે ના બસ સ્ટેશનની સુવિધા નથી. પરિણામે મુસાફરો પારાવાર યાતના ભોગવી રહ્યા હોવાની ફરિયાદ ઉઠી છે. રાજકોટથી વહેલી સવારથી સાંજ સુધીમાં રાજકોટ કાલાવડ રૂટની એસટી બસો જામજોધપુર, જામનગર, દેવભૂમિ દ્વારકા, જામકંડોરણા, ઉપલેટા, જુનાગઢ સહિતની અનેક બસો મેટોડા જીઆઇડીસીથી પસાર થઇ છે. તેમજ મેટોડા જીઆઇડીસી ગુજરાતનો નંબર એક ઉધૌગીક વસાહત છે. હજારો લોકો રોજગારી માટે આવતા હોય એસટી બસ તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની રાજકોટ રાજપથ લી. સિટી બસમાં મુસાફરી કરે છે

પરંતુ ગુજરાત રાજ્યનું એસટી તંત્ર કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર તેમજ રાજકોટ રૂરલ ડેવલપમેન્ટ (છબઉઅ) તંત્ર દ્વારા મુસાફરોની સુવિધા માટે બેસવા બસ સ્ટેન્ડ બનાવેલ નથી. શિયાળો, ઉનાળો ચોમાસાની રૂતુમાં લોકોને મુશ્કેલી ભોગવવી ના પડે તે માટે સંબંધિતો મુસાફર આલમની આ ફરિયાદ તાકીદે હલ કરે તેવી માંગ ઉઠી છે.

# આંગડીયા પેઢીના સંચાલકની પત્નીનો ગળેફાંસો ખાઈ આપઘાત

### યુનિ.રોડ પરના ગંગોત્રીપાર્કનો બનાવ : પતિએ લગ્નમાં આવવાની ના પાડતા ભર્યું પગલું

રાજકોટ મિરર, તા.૯

જુનાગઢ સ્થિત મામાની દીકરીના લગ્નમાં તું એકલી જઈ આવજે તેવું પતિએ કહ્યા બાદ શહેરના યુનિ.રોડ પરના ગંગોત્રી પાર્કમાં મહિલાએ માઠું લગાડી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ યુનિ.પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ યુનિવર્સિટી રોડ પર આવેલ ગંગોત્રી પાર્ક શેરી નં.૨ માં રહેતાં ધારાબેન સાવનભાઈ પટેલ (ઉ.વ.૩૭) ગઈ રાતે આઠેક વાગ્યાની આસપાસ ઘરે હતાં અને તેના પતિ તેમજ સસરાને જમવા માટે બેસાડ્યા હતાં ત્યારે તેણીએ તેમના જૂનાગઢ રહેતાં મામાની પુત્રીના આગામી તા.૧૫ અને ૧૬ ના લગ્ન છે, જેથી તેમાં



પરીવાર સાથે જવાનું છે. તેવી વાત કરી હતી. જે મામલે તેના પતિએ હાલમાં જ દિવાળીની રજા પુરી થઈ હોય જેથી તું આપણાં સંતાનો સાથે લગ્નમાં જઈ આવજે મારે ધંધાની શરૂઆત થઈ હોય જેથી મારૂ નક્કી નહીં, તેમ વાત કરતાં જ તેણી તેના ઉપરના માળે આવેલ રૂમમાં ચાલી ગઈ હતી.

મોડે સુધી પત્ની નીચે ન આવતા સાવનભાઈ પટેલ રૂમમાં જોવા માટે ગયાં તો રૂમ અંદરથી લોક હતો અને દરવાજો ખોલવાનો પ્રયાસ કરતાં દરવાજો ખુલ્યો ન હતો. જેથી પાડોશીઓને બોલાવી દરવાજો તોડી અંદર જોતાં ધારાબેને પંખાના હુકમાં સાડી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેમને તાત્કાલિક સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે તેણીને તપાસી મૃત જાહેર કરી હતી.

આ બનાવની જાણ થતાં યુનિ. પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ મકવાણા સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ હાથ ધરી હતી.મૃતક ધારાબેનના પતિ સાવનભાઈ શાપરમાં આંગડિયા પેઢી ચલાવે છે અને તેણીને સંતાનમાં બે પુત્ર છે.બનાવથી પરીવારમાં શોક છવાયો છે.

### છાપરાના વિદ્યાર્થી આપઘાત પ્રકરણમાં પકડાયેલો

# મોટાવડા શાળાનો આચાર્ય સચિન વ્યાસ એક દિવસના રિમાન્ડ પર

### લોધિકાની કોર્ટે એક દિવસના રિમાન્ડ કર્યા મંજુર : લાપતા બે શિક્ષિકાની શોધખોળ

રાજકોટ મિરર તા.૮

લોધીકાના મોટાવડા ગામની શાળાના વિદ્યાર્થીના આપઘાત પ્રકરણમાં સંડોવાયેલા આચાર્ય સચિન વ્યાસની ગઈકાલે મેટોડા પોલીસે ધરપકડ કર્યા બાદ આજે તેમને લોધિકાની કોર્ટમાં રજુ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યાનું મેટોડા પોલીસે જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ લોધિકા તાલુકાના છાપરા ગામે રહેતા અને મોટાવડા ગામની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધો.૧૧ માં અભ્યાસ કરતા છાપરાના કોમર્સના વિદ્યાર્થી ધ્રુવીલ ભરતભાઈ વરુએ ગઈ ૧૯.૧૦.૨૦૨૪ નાં રોજ શાળાના આચાર્ય અને બે શિક્ષકોના ત્રાસથી કંટાળી, વિડીયો બનાવી, સ્યુસાઈડનોટ લખી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. બનાવ સંદર્ભે મેટોડા પોલીસે આ શાળાના આચાર્ય અને બે શિક્ષિકા સામે ધ્રુવીલને મરવા મજબૂર કર્યાનો ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પણ ત્રણેય આરોપીઓ પોલીસ પક્કડથી દૂર હતા. દરમિયાન આચાર્ય સચિન વ્યાસ ગઈકાલે શહેરની કટારીયા ચોકડી પાસેથી પકડાઈ ગયો હતો. જેમને આજે મેટોડા પોલીસના પીઆઈ સંજયકુમાર શર્માએ લોધિકાની કોર્ટમાં રીમાન્ડની માંગણી અર્થે રજુ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

''રાજકોટ મિરર'' સાથેની વાતચીતમાં મેટોડાના પીઆઈ સંજયકુમાર શર્માએ જણાવ્યું હતું કે એક દિવસના રિમાન્ડ દરમિયાન આચાર્ય સચિન વ્યાસ પાસે સૌ પહેલા શાળાના નિયમો, શિક્ષકોની વર્તણુક, આવન જાવનનો સમય, મૃતક ધ્રુવીલની શિક્ષકો સામેની ફરિયાદમાં તથ્ય શું છે ? ખરેખર ધ્રુવીલ સાથે શું બન્યું હતું ? તેમની સાથે જે પણ થયું તે ખરેખર ત્રાસદાયક હતું કે, શાળાનાં નિયમો મુજબનો વ્યવહાર થયો હતો ? પોલીસ સિવાયની બીજી કરી ડરામણી ધ્રુવીલને બતાવાઈ કે ધ્રુવીલને આવું પગલું ભરવું પડ્યું ? ધ્રુવીલના પગલાં પાછળ શિક્ષકો જ કારણભૂત છે કે અન્ય કોઈ બનાવ કે કારણ ? વિગેરે બાબતોએ ઝીણવટભરેલી પૂછપરછ અને તપાસના દૌર વચ્ચે હજુ નાસતા ફરતા બે શિક્ષિકાની શોધખોળ આદરાઈ છે.

# લૂંટ-ચોરી કરનાર ગેંગ પર ઘોંસ બોલાવતી ગીર સોમનાથ પોલીસ

## યુવતી સહીત ૮ ઝડપાયા : કાચ તોડ ગેંગના બે, ઉનાની ચોરીમાં બાપ-દીકરી, દીવ પ્રવાસીઓને છેતરતી બેલડી અને તાલાલા પંથકને ધમરોળતી તસ્કર બેલડીને ઝડપી લેવાઈ : રૂ. ૮,૯૭ ૧૫૦નો મુદ્દામાલ કરાયો કબજે














રાજકોટ મિરર, તા.૯

જુનાગઢ રેન્જ આઇ.જી.પી.શ નિલેશ જાજડીયા, ગીર સોમનાથ જેલ્લા પોલીસ અધિક્ષકમનોહરસિંહ એન. જાડેજાએ જીલ્લામાં મિલ્કત સબંધી ગેરકાયદેસર પ્રવૃતિ જેવી કે લુંટ ચોરી કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કડક કાર્યવાહી આદેશો અપાયા હતા. આ અનુસંધાને, વી.આર. ખેંગાર, ઉના ડીવીઝનના ના.પો.અધિ. એમ.એફ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ, ગીર સોમનાથ એલ.સી.બી. તથા જીલ્લાના અન્ય પો.સ્ટે. દ્વારા ગુન્હેગારો પર ઘોંસ બોલાવી જુદા જુદા સ્થળોએથી દબોચી લેવાયા છે. પોલીસ દ્વારા જુદી જુદી કરાયેલી કામગીરી અહી પ્રસ્તુત છે.

### કાચ તોડ ગેંગ ઝડપાઈ

યાત્રાધામોમાં યાત્રિકોની કારના કાચ તોડી ચોરી કરતી કરતી ગેંગને સોમનાથની એલસીબી પોલીસે પકડી પાડી છે. જેની મળતી વિગતો મુજબ ગત તા.૦૭/૧૧/૨૦૨૪ ના રોજ સોમનાથ પાસે આવેલ ત્રિવેણીઘાટ પાસે આહીર સમાજની વંડીની બાજુમાં રોડ ઉપર પાર્ક કરેલ ફોર વ્હીલ કાર ટાટા અલ્ટ્રોઝ રજીનં.- જીજે-૫-આરએમ-૦૩૬૮ વાળીના કોઇ અજાણ્યા શખ્શે કાચ તોડી તેમાંથી સોનાના દાગીના રોકડ તથા મોબાઇલ ફોનની ચોરી કર્યાની ફરિયાદ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. અનુસંધાને, તુરત જ એલ.સી.બી.ના ઇ.ચા.પો. ઇન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ એલ. સી.બી.ની અલગ અલગ ટીમો બનાવી ખાનગી બાતમીદારો, સી.સી.ટીવી કેમેરા, કેમેરા, ટેકનીકલ એનાલીસીસ તેમજ હ્યુમન સોર્સી સના આધારે પો.સબ ઇન્સ. એ.સી.સિંધવ તથા એ.એસ.આઇ. અજીતસિંહ પરમાર તથા નરવણસિંહ ગોહિલ તથા ગોવિંદભાઇ વંશ તથા ભુપેન્દ્રસિંહ ચાવડા તથા મીસીંગ પર્સન સ્કોડના પો.હેડ કોન્સ. નરેન્દ્રભાઇ પટાટ વિગેરેને અમરેલી તરફ નાશી ગયેલની હકીકત મળતા અમરેલી પોલીસ દ્વારા દામનગર પોલીસ પાસે રાઉન્ડઅપ કરાવી પ્ર.પાટણ પો.સ્ટે. ખાતે લાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર કાચ તોડ ગેન્ગના પકડાયેલા બે સભ્યોમાં મહંમદ અકીલ સલીમભાઇ નુરમહમદ વોરા ઉ.વ.-૩૪, ધંધો. ડ્રાઇવીંગ (રહે.આણંદ, રેલ્વે ફાટક, અમીના મંજિલ) તેમજ અંજુમનબેન મહંમદઅકીલ સલીમભાઇ નુરમહમદ વોરા ઉ.વ.-૩૪, ધંધો. ઘરકામ, (રહે.આણંદ, રેલ્વે ફાટક, અમીના મંજિલ)નો સમાવેશ થાય છે.

આ બંને પાસેથી પોલીસે રૂ. ૩,૫૮,૫૦૦ ના સોનાના દાગીના, રૂ.૫,૪૫૦ના ચાંદીના દાગીના, રોકડ ૩૯,૬૦૦, ૪ મોબાઈલ, ત્રણ લાખની ઈનોવા કાર, કાળા કલરનું એરટેલ કંપનીનું વાઇફાય, કેમરા વાળી પેન મળી કુલ રૂ. ૭,૨૦,૦૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલા મહંમદ અકીલ સલીમભાઇ નુરમહમદ વોરા સામે ભૂતકાળમાં ખેડાના સાવલિયા પો., આણંદ, વડોદરા, ગોધરા, દ્વારકા. ચિલોડા, અને ગાંધીનગર મળી કુલ ૧૬ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. બંને યાત્રાધામોમાં યાત્રિકોની પાર્કીગમાં રહેલ કારની બારીના કાચ તોડી ચોરી કરવાની ટેવ ધરાવે છે અને ચોરી કરવા આવે ત્યારે વાઇફાઇ ડોંગલ દ્વારા કોલ કરતા હોય છે. બંનેએ પ્રભાસપાટણ અને જુનાગઢ એ ડીવીઝન પોલીસમાં નોંધાયેલા બે ગુના પ્રભાસ પાટણ પો. સ્ટે. ગુ.ર.નં.-૧૧૧૮૬૦૦૪૨૪૦૮૧૪/૨૦૨૪ બીએનએસ ૨૦૨૩ ની કલમ- ૩૦૩(૨) અને જુનાગઢ એ-ડીવીજન પો.સ્ટે. ગુ.રનં.-૧૧૨૦૩૦૨૩૨૪૧૦૨૪/૨૦૨૪ આઇપીસી ક.- ૩૦૩(૨), ૩૨૪(૨) કબુલતાં બે ગુનાના ભેદ ઉકેલાઈ ગયા છે.

### ઉનામાં ઓફીસના ડ્રોઅરમાંથી કરીલી ચોરીનો ભેદ ઉકેલાયો

ગઇ તા.૨૫/૧૦/૨૦૨૪ ના ક.૧૪/૦૦ થી ક.૧૪/૧૫ વાગ્યા સુધીમાં ઉના ખાઉધરી ગલીમાં પુષ્પ હરી કોમ્પ્લેક્ષમાં આવેલ નયનભાઇ રામજીભાઇ વકીલની ઓફીસમાં કોઇ અજાણી ભીક્ષાવૃતિ કરનાર છોકરી ફરી.ની ઓફીસમાં પ્રવેશ કરી ઓફીસના ટેબલના ખાનામાં રહેલ રોકડ રકમ રૂ.૯૫,૦૦૦/- ની ચોરી કરી નાશી ગયેલ જે બાબતે ઉના પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ હોય જે અનુસંધાને, એલ. સી.બી.ના ઇ.ચા.પો.ઇન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ની અલગ અલગ ટીમો બનાવી ખાનગી બાતમીદારો, સી.સી.ટીવી કેમેરા, કેમેરા, ટેકનીકલ એનાલીસીસ તેમજ હ્યુમન સોર્સીસના આધારે પો.સબ ઇન્સ. એ.સી. સિંધવ, એ.એસ.આઇ. સુભાષભાઇ ચાવડા, ભુપેન્દ્રસિંહ ચાવડા પો. હેડ કોન્સ.રાજુભાઇ ગઢીયા, ગોવિંદસિંહ વાળા, પ્રવિણભાઇ મોરી, પો.કોન્સ. વિજયસિંહ ચૌહાણ, રાહુલભાઇ છેલાણા તથા મહિલા પો. કોન્સ. દેવીબેન રામને ટેકનિકલ એનાલીસીસ તથા હયુમન સોર્સીસ આધારે મળેલ મળેલી બાતમીના આધારે બાપ-દીકરીને ઉપરોકત ચોરીમાં ગયેલ મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પકડાયેલા આરોપીઓમાં

બચુ ઉર્ફે જાડો રમુ ભદા ચાડમીયા (ઉ.વ.૫૫, ધંધો.વાળ વિણવાનો, રહે.હાલ- વીરપુર, રેલ્વેસ્ટેશન સામે, જિ.રાજકોટ, મુળ રહે. કાલાવડ, રણુજા ચોકડી, તા.કાલાવડ, જિ. જામનગર) તેમજ તેમની પુત્રી સપના બચુભાઇ ઉર્ફે જાડો રમુ ચાડમીયા (ઉ.વ.-૨૩, ધંધો.વાળ વિણવાનો, રહે.હાલ- વીરપુર, રેલ્વે સ્ટેશન સામે)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ બંને પાસેથી છકડો રિક્ષા, મોબાઇલ ફોન, રોકડા રૂપિયા ૭૭૦૦ મળી કુલ રૂ. ૫૮,૨૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. હાલ બંનેએ ઉના પો. સ્ટે. ગુ.ર.નં.-૧૧૧૮૬૦૦૮૨૪૧૭૪૩/૨૦૨૨૪ બીએનએસ ૨૦૨૩ ની કલમ- ૩૦૩(૨), ૩૩૧(૩)નો ગુનો કબુલ્યો છે તેમજ અન્ય જગ્યાએ કરેલી ચોરીની કબુલાત આપી છે તેમાં આજથી બે એક મહિના પહેલા ભાવનગર જિલ્લાના મહુવા ખાતેથી નવા બસ સ્ટેશન પાસે આવેલ એગ્રો સેન્ટરની અંદર ટેબલના ખાનામાંથી રોકડ રૂ.૮૫૦૦૦ની ચોરી, માળીયા હાટીના ખાતે સદગુરૂ સીલેકશન નામની દુકાનમાંથી રોકડ રૂ.૨૦૦૦૦ની ચોરી (૩) આશરે ચારેક માસ પહેલા પાલીતાણા શહેર ખાતે આવેલ હીરાના કારનાખાની ઓફીસમાંથી રોકડ રૂ.૬૫૦૦૦ની ચોરી કાબુલી છે. ભીક્ષાવૃતિના બહાને દુકાનમાં જઇ દુકાનદાર હાજર ન હોય ત્યારે ચોરી કરવાની ટેવ ધરાવે છે.

પોલીસે જણાવ્યું હતું કે બચુ ઉર્ફે જાડો સામે અગાઉ મોરબી તાલુકા પો.સ્ટેમાં ૬ ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. જ્યારે સપના બચુ જેતપુર સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૦૪૧૩/૨૪ આઇ.પી.સી.કલમ ૩૮૦, ૪૫૪ પોલીસ ચોપડે ચડી ચુકી છે. હાલ બંનેની વિશેષ પૂછપરછ હાથ ધરાઈ છે.

### દીવ પ્રવાસીઓને સસ્તા ભાવે હોટેલના રૂમ આપવાના બહાને લુંટતી બેલડી પકડાઈ

બોટાદ જિલ્લાના સ્વામીના ગઢડા ગામના રહીશ ભરતભાઇ ૧૧.૭.૨૦૨૪ના રોજ હનુભાઇ સાંટીયા તથા તેમના મિત્ર રામભાઇ વાલાભાઇ જોગરાણા દિવ ખાતે ફરવા માટે આવેલ અને રાત્રીના સમયે દિવ જેટી દરીયા કાઠે બેઠા હતા તે દરમ્યાન અજાણ્યા બે છોકરાઓ તેમની પાસે આવેલ અને વાતોવાતોમાં મિત્રતા કેળવી રાત્રી રોકાણ માટે સસ્તા ભાવે હોટેલનો રૂમ જોતો હોય તો હોટેલવાળા તેમના ઓળખીતા હોવાનુ જણાવી રાત્રીના બારેક વાગ્યાના અરસામા તેમની સાથે જતા આ અજાણ્યા છોકરાઓએ દિવથી બહાર નલીયા માંડવી ગામથી આગળ હોટેલ ફલેમીંગો વાળા રસ્તે અવાવરૂ જગ્યાએ લઇ જઇ રામભાઇ જોગરાણાના ગળા પર છરી રાખી '' આ કોઈની સગી નથી થાય'' તેવી ધમકી આપી ભરતભાઇ તથા રામભાઇ પાસેથી ત્રણ મોબાઇલ તેમજ રોકડ રૂ.૧૧૦૦૦મળી કુલ રૂ.૩૩૦૦૦/- ની લુટ કરી ત્યાથી નાશી ગયેલ. આ લુટ બાબતે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

જે અન્વયે નવાબંદર પો.સ્ટે.ના ઇ.ચા.પો. ઇન્સ. વી.કે.ઝાલાની સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ તથા ટાઉન બીટના માણસોની અલગ - અલગ ટીમો બનાવી ખાનગી બાતમીદારો, સી.સી.ટી.વી. કેમેરા તથા ટેકનિકલ એનાલીસીસ તેમજ હ્યુમન સોર્સથી માહિતી એકત્ર કરી આ ગુન્હાનો ભેદ ઉકેલવા પ્રયત્નો કરવામાં આવેલ તે દરમ્યાન સાથેના પો.કોન્સ.સંદીપસિંહ ઝણકાટ તથા કિરણભાઇ સોલંકીની સંયુક્ત બાતમીના આધારે આ લુટ કરનાર બંને પરેશ ઉર્ફે પલો જીણા ચૌહાણ ઉ.વ.૨૧ (રહે. ચાંચકવડ ગામ વાડી વિસ્તાર તા.ઉના જી.ગીર સોમનાથ) તેમજ વિશાલ પુના પરમાર ઉ.વ.૨૦ (રહે.ઉના રામનગરના ખારામાં તા.ઉના જી.ગીર સોમનાથ) ને વાસોજ ગુપ્ત પ્રયાગ રોડ પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરાઈ છે.

પોલીસે બંને પાસેથી ૪૮ ચોરાઉ મોબાઈલ, એક .જીજે - ૩૨ - એ.ઇ - ૧૫૫૨ નંબરનું બાઈક, રોકડા રૂ.૪૫૦૦ મળી કુલ કિ.રૂ.૫૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી તપાસ શરુ કરી છે.

પોલીસના કહેવા અનુસાર પરેશ ઉર્ફે પલો જીણા ચૌહાણ ચાર વખત ઉના પોલીસના ચોપડે અને એક વખત નવાબંદર મરીન પોલીસ ચોપડે ચોરી-ચપાટીના ગુન્હામાં ચડી ચુક્યો છે. જ્યારે વિશાલ પુના પરમાર

ઉના પોલીસના ચોપડે દારૂ સહિતના ગુન્હા સબબ ચડી ચુક્યો છે. બંને અસામાજિક પ્રવુત્તિઓ અને લુંટને અંજામ આપવાની ટેવવાળા છે.

### તાલાલા પંથકને ધમરોળતી તસ્કર બેલડી ઝડપાઈ

ગત તા.૨૫/૧૦/૨૦૨૪ બપોરના એક વાગ્યાથી તા.૨૬/૧૦/૨૦૨૪ ના રાત્રીના અગિયારેક વાગ્યા દરમ્યાન કોઈપણ વખતે ઘુસીયા ગામ પીપળવા રોડ ઉપર ફરીયાદી અજયભાઇ હીરાભાઇ ચાંડેરા નાઓના પોતાના બંધ રહેણાક મકાનનું મકાનના દરવાજાના તાળુ તોડી ઘરમાં પ્રવેશી રૂમના કબાટમાંથી એક વીવો કંપનીનો મોબાઇલ કિ.રૂ.૧૫,૯૦૦/- તથા ગલ્લામાં આશરે રોકડ રૂપિયા ૫૫૦૦/- ગણી એમ કુલ કિ.રૂ.૨૧,૪૦૦/- નુ કોઇ અજાણ્યો શખ્શ ચોરી કરી ગયાની તાલાલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. તેમજ ગઇ તા. તા.૦૬/૧૦/૨૦૨૪ ના રોજ સવારના આશરે સાતેક વાગ્યા દરમ્યાન કોઇપણ વખતે તાલાલા ટાઉનમાં ઇન્ડીયન પેટ્રોલ પંપ પાસે આવેલ ફરીયાદી કાનાભાઇ ભાણાભાઇ કેશવાલા નાઓની ગુરૂકુપા નામની દુકાનુ તાળુ તોડી દુકાનની અંદર રહેલ સ્ટીલની પેટીમાં રાખેલ આશરે રોકડ રૂપિયા ૧૧૦૦૦ ની ચોરી થયાની પણ તાલાલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આમ ઉપરોકત બનેલ ચોરીના ગુનાના આરોપી તથા ગયેલ મુદામાલ શોધી કાઢવા તાલાલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જે.એન.ગઢવીએ તાલાલા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન બી બીટ ઇન્ચાર્જ એ.એસ.આઇ સોનીગસિંહ રાજસિહ સિસોદીયા, જોરસંગ દેવસંગ પરમાર, રણજીતસિહ પરબતભાઇ ડોડીયા, પો.હેડ.કોન્સ હરેશભાઇ પીઠાભાઇ ભેડા, પો.કોન્સ નરેન્દ્રસિંહ જીવાભાઇ ઝાલા, રજનીભાઇ દેદાભાઇ મોરીને સંયુકત બાતમી મળી હતી કે તાલાલા શહેરમાં તસ્કરી કરી તરખાટ મચાવનાર તસ્કરો ઘુંસીયા ગામે વેરાવળ હાઇવે મહાકાળી પાન નામની દુકાન પાસેથી શંકાસ્પદ હાલતમાં ઉભા છે. બાતમી મળતા જ પોલીસે ત્યાં પહોચી બે શખ્શોને મોબાઇલ સાથે પકડી પાડી સઘન પુછપરછ કરતા બંનેએ ઉપરોકત થયેલ તમામ મોબાઇલ ચોરીઓની કબુલાત આપેલ જેથી વધુ સઘન પુછપરછ કરતા શશીકાંત ઓઘડભાઈ રામ ઉ.વ.૩૨ (રહે.ઘુસીયા લીમડા ચોક,મુળ-વાવડી તા.સુત્રાપાડા જિ.ગીર સોમનાથ.) તેમજ ભરત ભાવગીરી અપારનાથી ઉ.વ.૩૦(રહે.વેરાવળ ૮૦ ફુટ રોડ સ્વાદ રેસ્ટોરન્ટ વાળી ગલીમા સોમનાથ સોસાયટી તા.વેરાવળ જિ.ગીર સોમનાથ)એ વેરાવળ બેંકમાં કરેલ ચોરીની પણ કબુલાત આપેલ જેમાં, ગત તા.૦૩/૧૧/૨૦૨૪ ના કલાક.૦૩/૧૯ વાગ્યા દરમ્યાન કોઈપણ વખતે વેરાવળ પંજાબ નેશનલ બેન્ક ૮૦ ફુટ રોડ ઉપર આવેલ બ્રાન્ચના મેઈન દરવાજાના તાળા તોડી બેન્કમાં પ્રવેશ કરી બેન્કમાં ચોરી કરવાની કોશિશ કરેલ જે બાબતે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવામાં આવ્યો હતો. આ ગુન્હાનો ભેદ ઉકેલાઈ ગયો છે.

પોલીસે બંને પાસેથી ૩ મોબાઈલ, એક બાઈક અને રોકડ રૂ.૫૫૦૦ મળી કુલ ૬૭,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી તપાસ શરુ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ બંને તસ્કરોની કબુલાત પરથી તાલાલા પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૭૨૪૧૦૬૮/૨૨૦૨૪ બી.એન.એસ કલમ-૩૦૫(એ),૩૩૧(૩),૩૩૧(૪) મુજબ., ગુ.ર.નં.૧૧૧૮૬૦૭૨૪૧૦૬૯/૨૦૨૪ બી.એન.એસ કલમ-૩૦૫(એ),૩૩૧(૪) મુજબ., વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૯૨૪૦૮૮૦/૨૦૨૪ બી.એન.એસ કલમ-૩૩૧(૪),૬૨ મુજબનો ગુન્હાના ભેદ ઉકેલાઈ ગયા છે. આ તસ્કર બેલડીને પકડવામાં

એલ.સી.બી., પો.ઇન્સ. એ.બી.જાડેજા, પો. સબ ઇન્સ. એ.સી.સિંધવ, તથા એલ.સી.બી. સ્ટાફ,

પ્ર.પાટણ ઇ.ચા.પો.ઇન્સ. એન.બી.ચૌહાણ, તથા પો.સ્ટાફ તથા તાલાલા પો.સ્ટે. પો.ઇન્સ. જે.એન.ગઢવી તથા પો.સ્ટાફ તથા નવાબંદર મરીન ઇ.ચા.પો.ઇન્સ.વી.કે.ઝાલા તથા પો.સ્ટાફ. રોકાયો હતો.

### કલ્પક મણીયાર સહિત સંસ્કાર પેનલના ચાર સભ્યોના ફોર્મ રદ : કાલે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ

# નાગરિક બેંકની ચૂંટણીમાં જામશે જંગ : ૪૧ યોદ્ધાઓ ફાઈનલ

### જિલ્લા કલેકટર પ્રભાવ જોશી એ કહ્યું મુંબઈ ખાતે યોજાશે મતદાન : મંગળવારથી ચૂંટણી તૈયારીઓને અપાશે આખરી ઓપ : ચૂંટણીને લઇ રાજકારણ ગરમાયું

રાજકોટ, તા. ૯

રાજકોટ નાગરિક સહકારી બેંકના ૨૧ ડિરેક્ટરોની ચૂંટણીમાં કુલ ૪૬ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા જેમાંથી ગઈકાલે કલેક્ટરે ૪૧ ઉમેદવારો ના ફોર્મ ને માન્ય રાખ્યા છે જ્યારે પાંચ ઉમેદવારોના ફોર્મ અમાન્ય કર્યા છે જેમાં કલ્પ મણિયારનું પણ ફોર્મ છે. મળતી માહિતી મુજબ નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન અને સંસ્કાર પેનલના કલપક મણિયાર ની સાથોસાથ તેમના ભાઈ મિહિર મણિયાર, હિમાંશુ ચિનોઈ, હિમેશ કેસરિયા નું ફોર્મ રદ કરી દેવામાં આવ્યું છે તો સામે સહકાર પેનલમાંથી એકમાત્ર રણછોડભાઈ ઢોલિયા નું ઉમેદવારી પત્ર રદ થયું છે ત્યારે હવે સંસ્કાર પેનલમાં ૧૧ ઉમેદવારોના ફોર્મ જ માન્ય રાખવામાં આવ્યા છે જ્યારે સહકાર પેનલમાં ૨૯ ઉમેદવારો ના ફોર્મ ચૂંટણી અધિકારી દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવેલા છે. મળતી માહિતી મુજબ નાગરિક સહકારી બેંકમાં ચેરમેન બનવા માટે ૨૧ ડાયરેક્ટરો પૈકી ૧૧ ડાયરેક્ટરોના મત મળવા અનિવાર્ય છે ત્યારે હાલ ની સ્થિતિ મુજબ સહકાર પેનલ નું વર્ચસ્વ સંસ્કાર પેનલ પર જોવા મળી રહ્યું છે. ગઈકાલે ફોર્મ ચકાસણી માટે છેલ્લો દિવસ હતો ત્યારે ગઈકાલ બપોર સુધીમાં કુલ ૨૧ બેઠકમાંથી છ બેઠક બિનહરીત થઈ ચૂકી છે જ્યારે બાકીની બેઠકોમાં સહકાર અને સંસ્કાર પેનલ દ્વારા એકબીજા સામે વાંધા રજૂ કરવામાં આવ્યા હતા. ફોર્મ ચકાસણી પૂર્ણ થતા બંને પેનલ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી અને અભદ્ર શબ્દનો પણ ઉપયોગ થયો હતો. જે બાદ સમયસુચકતા ને ધ્યાને લઈ સમગ્ર મામલો ઠારે પડ્યો. બીજી તરફ નાગરિક સહકારી બેંકના ઇન્ચાર્જ ચેરમેન જીમી દક્ષિણીએ જણાવ્યું હતું કે ફોર્મમાં કોઈને વાંધો ન હતો અને સહકાર પેનલ પોતાના ટેકેદારો સાથે ચૂંટણી લડશે કારણ કે સહકાર પેનલમાં કોઈપણ પ્રકારના વાંધા રજુ કરવામાં આવ્યા ન હતા. એટલું જ નહીં બહારગામની પાંચ અને એસસી એસટીની એક એમ કુલ છ બેઠક બિનહરીફ થઈ હતી.

રાજકોટ નાગરિક બેંકને ખૂબ જ રસપ્રદ બનેલી ચૂંટણીમાં આજે ઉમેદવારી ફોર્મની ચકાસણી થયેલ હતી. ‘‘સંસ્કાર‘‘ પેનલના ૧૫ ઉમેદવારો માંથી ચાર ઉમેદવારોના ફોર્મ રદ થયેલ હતા. વધુ આજે મોડી રાત્રે કલેકટરનો લેખિત ઓર્ડર આવી ગયા બાદ આગળના કાનુની પગલાઓ અંગે વિચારવામાં આવશે. જો સિનીયર એડવોકેટો સલાહ આપશે તો જેમના ફોર્મ રદ થયા છે તે ચારેય ઉમેદવારે તા.૧૧ ને સોમવારે ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગશે તેવી પૂર્ણ શકયતા છે.

‘સંસ્કાર’ પેનલના તમામ ઉમેદવારો તેમજ કાર્યકર્તાઓ તરફથી ‘‘નાગરિક બેન્ક બચાવો સંઘની એવી સ્પષ્ટ ગેરેન્ટી આપી છે કે બેન્કની કૌભાંડ મુક્ત બનાવવા તેમજ શુધ્ધિકરણ લાવવા ‘સંસ્કાર’ પરિવાર પર વચનબધ્ધ છે. આથી સંઘના પ્રમુખ ચંદુભાઈ પરમાર તેમજ મહામંત્રી વિબોધ દોશીએ સંઘની અભિયાનમાં ‘સંસ્કાર’ પરિવાર પર જોડાઈ જતા આનંદની લાગણી વ્યકત કરેલ છે. વિબોધ દોશીએ ‘સંસ્કાર’ પરિવારના કો-ઓર્ડિનેટર તરીકેની જવાબદારી પણ સ્વીકારી લીધેલ છે.

### નામ રદ થયેલ ઉમેદવારોની યાદી

- કલ્પકભાઈ મણિયાર-સંસ્કાર પેનલ
- મિહિરભાઈ મણિયાર-સંસ્કાર પેનલ
- હિમાંશુભાઈ ચિનોઈ-સંસ્કાર પેનલ
- નિમેષભાઈ કેસરીયા-સંસ્કાર પેનલ
- રણછોડભાઈ ધોળીયા-સહકાર પેનલ (ટેકનિકલ કારણો) (સુરત)

### સંસ્કાર પેનલના માન્ય ઉમેદવારો

- હિનાબેન બોઘાણી
- દિપકભાઈ અગ્રવાલ
- જયંતિભાઈ ધોળકિયા
- દિપકભાઈ કારીયા
- વિજયભાઈ કારીયા
- પંકજભાઈ કોઠારી
- વિશાલભાઈ મીઠાણી
- ડો.ડી.કે. શાહ
- નિતીબેન શેઠ
- લલિતભાઈ વડેરીયા (કાલુમામા)
- ભાગ્યેશભાઈ વોરા



### સહકાર પેનલના માન્ય ઉમેદવારોના

- માધવભાઈ દવે
- દિનેશભાઈ પાઠક
- જીવનભાઈ પટેલ
- સુરેન્દ્રભાઈ પટેલ
- અશોકભાઈ ગાંધી
- ચંદ્રેશભાઈ ધોળકિયા
- કીર્તિદાબેન જાદવ
- નવીનભાઈ પટેલ
- જ્યોતિબેન ભટ્ટ
- જયશ્રીબેન શેઠ
- રાકેશભાઈ શેઠ
- હસમુખભાઈ હિંડોચા
- લલિતભાઈ વોરા
- રમેશભાઈ આઘેરા
- દિપકભાઈ બકરાણીયા
- પ્રદીપભાઈ જૈન
- શૈલેષભાઈ મકવાણા
- મંગેશજી જોષી
- હસુભાઈ ચંદારાણા
- વિજયભાઈ કોઠારી
- દેવાંગભાઈ માંકડ
- બ્રિજેશભાઈ મલકાણ
- ડો.એન.જે.મેઘાણી
- કલ્પેશભાઈ ગજ્જર
- વિક્રમસિંહ પરમાર
- ચિરાગભાઈ રાજકોટિયા
- ભૌમિકભાઈ શાહ
- સુનિલભાઈ ટેકવાણી
- ગણેશભાઈ ઠુમ્મર

### નાગરિક બેંકની ચૂંટણી રદ કરવા કરાઈ માંગ

રાજકોટ નાગરિક સહકારી બેંક ચૂંટણી પૂર્વે અનેક નવા ખુલાસાઓ થઈ રહ્યા છે ત્યારે બેંકના શેરધારક યશવંતભાઈએ જિલ્લા કલેકટર પ્રભાવ જોશીને આ ચૂંટણી રદ કરવા માટે રજૂઆત કરી હતી એટલું જ નહીં આ અંગે તેઓએ કારણો પણ દર્શાવ્યા હતા જેમાં તેમનું માનવું છે કે, જે બોર્ડ ઓફ ડાયરેક્ટરની ચૂંટણી કરવાના પ્રતિનિધિઓ ગેરકાયદે રીતે નિમાયેલા છે એટલું જ નહીં જેનો કોઈ પરિપત્ર નાગરિક બેંક દ્વારા કરવામાં આવ્યો નથી અને શેરધારકોને જાણ પણ કરવામાં આવી નથી. જ્યારે બીજો વાંધો તેઓએ એ ઉઠાવ્યો હતો કે પ્રતિનિધિ સભાનો મુદ્દો ગુજરાત હાઇકોર્ટમાં પેન્ડિંગ છે અને તેમાં સુનાવણી પણ થઈ ચૂકી છે જેનો ચુકાદો ત્રણ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ આવશે જેથી તે પહેલા ચૂંટણી કરવી યોગ્ય છે. ત્રીજો મુદ્દો જે કલેક્ટર સમક્ષ મૂકવામાં આવ્યો તેમાં દરેક સભાસદોને ચૂંટણી માટેના નિયમો અગાઉથી જાહેર કરવામાં આવવા જોઇએ અને તે મોકલવા પણ જોઇએ પરંતુ પ્રતિનિધિઓની નિમણૂક લાગતા વળગતાઓની નાગરિક બેંકના સંચાલક મંડળે કરી દીધી છે જે નિયમ વિરુદ્ધ છે જેથી ચૂંટણી નવેસરથી યોજવા ગુજરાત હાઇકોર્ટના ચુકાદા પ્રમાણે નિર્ણય થવા માંગણી પણ કરવામાં આવી છે.

### વકીલોની સલાહ લઈ યોગ્ય લાગશે તો સોમવારે હાઈકોર્ટમાં જસૂ: કલ્પક મણિયાર

સંસ્કાર પેનલના કલપકભાઈ મણીયારે જણાવ્યું હતું કે હાલ તેમના જે ચાર ફોર્મ રદ થયા છે તે કયા કારણોસર રદ કરવામાં આવ્યા તેને લઈને રાજકોટ અને અમદાવાદના વકીલો મંત્રણા કરી રહ્યા છે અને જો આ જ બપોર સુધી તેઓને યોગ્ય લાગશે અને મુદ્દો પડકારવાનો હશે તો તેઓ ચોક્કસ સોમવારે ગુજરાત હાઈકોર્ટમાં આ અંગે રજૂઆત કરશે કારણ કે સોમવારે ફોર્મ ખેંચવાનું છેલ્લો દિવસ હોવાથી આ કામગીરી ઝડપભેર આટોપી લેવી પડે તે પ્રકારની સ્થિતિ નિર્માણ થવા પામી છે. હાલ આ કેસમાં રવિ ગોગીયા સહિત અન્ય વકીલો રોકાયા છે જેવો સમગ્ર ઘટના નું અવલોકન કરી અને જે ફોર્મ અનન્ય કરવાનો કલેકટરનો જે ઓર્ડર છે તેનું અભ્યાસ કરી રહ્યા છે.

### કૌભાંડોની સ્વીકૃતિ જો સહકાર પેનલ કરે તો સંસ્કાર પેનલના તમામ ઉમેદવારો ફોર્મ પરત ખેંચી લેશે

સંસ્કાર પેનલના આગેવાનોનું માનવું છે કે તેમની પેનલ સત્તા મેળવવા માટે નહીં પરંતુ જે ખોટું થયું છે તેને દૂર કરવા માટે છે ત્યારે નાગરિક સહકારી બેંકમાં જે થયેલા કૌભાંડોની સ્વીકૃતિ જો સહકાર પેનલ કરશે તો સંસ્કાર પેનલના તમામ ઉમેદવારો પોતાના ફોર્મ પરત ખેંચી લેશે કારણકે આ સંસ્કાર પેનલ સત્તા મેળવવા માટે નહીં પરંતુ વધુને વધુ લોકોનો ભરોસો નાગરિક બેંક ઉપર જળવાઈ રહે તે વિકસાવવાનો છે નહીં કે સત્તા મેળવી. ત્યારે આ લડત માત્રને માત્ર એ જ છે કે અહીં હવે સહકાર પેનલના સભ્યો આગળ આવે અને થયેલ કૌભાંડની સ્વીકૃતિ કરે.

### બીયુ સર્ટિફિકેટ હજુ સુધી મળ્યું નથી છતાં પણ રંગોલી પાર્ક માં ફાયર એનઓસી : અનેક તર્ક-વિતર્ક : NOC કેન્સલ કરવા સ્થાનિક લોકોએ કરી માંગ

# રંગોલી પાર્ક પર ફાયર વિભાગને અનેરો પ્રેમ

### પૂરતા સાધનો અને યોગ્ય વ્યવસ્થા ન હોવા છતાં રંગોલી પાર્કનું ફાયર એનઓસી થયું રીન્યુ : સ્થાનિકોએ નોંધાવ્યો વિરોધ તાબડતોબ અમદાવાદના ફાયર સેફ્ટી ઓફિસર દોડી આવ્યા રાજકોટ

રાજકોટ, તા. ૯

રાજકોટનાં રંગોલી પાર્ક હાઉસિંગ બોર્ડને મળેલા ફાયર ગઘઈને સ્થાનિકોએ ગેરકાયદે ગણાવ્યું, નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થયાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે એટલું જ નહીં રાજકોટ મહાનગરપાલિકાના ફાયર વિભાગના ઇન્ચાર્જ ફાયર ઓફિસર અમિત દવે પણ હાજર રહેવાનું હતું પરંતુ તેઓ હાજર રહ્યા ન હતા ઊલટું ફાયર સેફ્ટી ઓફિસર કે જેઓ અમદાવાદથી આવ્યા તેઓએ તમામ સ્થાનિકોના પ્રશ્નો સાંભળી ઉપલી અધિકારીઓને રજૂઆત કરવા જણાવ્યું.

રાજકોટમાં સર્જાયેલા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ હાઈકોર્ટનાં આદેશ મુજબ ફાયર વિભાગ દ્વારા ફાયરના ગઘઈ માટેની કામગીરી કડક રીતે કરવામાં આવી રહી છે. તેમજ લોકો પણ આ માટે જાગૃત બન્યા છે. ગુજરાતમાં કદાચ પ્રથમવાર એવો કિસ્સો સામે આવ્યો છે. જેમાં તંત્ર દ્વારા આપવામાં આવેલા ફાયર ગઘઈને સ્થાનિકોએ જ ગેરકાયદે ગણાવ્યું છે. રાજકોટનાં કાલાવડ રોડ નજીક રંગોલી પાર્ક નામની હાઉસિંગ બોર્ડની સોસાયટી આવેલ છે. અમદાવાદના ઋજ્જ્વ દ્વારા આ બિલ્ડીંગને ફાયર ગઘઈ અપાયું હતું. છતાં સ્થાનિકોએ તેને ગેરકાયદે ગણાવ્યું છે. અને નિયમોનું ઉલ્લંઘન થયાનો આરોપ લગાવતા ગઈકાલે અમદાવાદથી ઋજ્જ્વ સહિતની ટીમ આવી પહોંચી હતી.

રંગોલી પાર્કના સ્થાનિકોનું માનવું છે કે તેમના દ્વારા જે મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે જ્યારે ફાયર એનઓસીને લઈ મુદ્દાઓ યોગ્ય રીતે પુરવાર થયા ન હોય અને જે બાકી કામ છે તે પૂરું ન થાય ત્યાં સુધી ફાયર એનઓસી મળી શકે નહીં તો એજન્સી દ્વારા કેવી રીતે ફાયર એનઓસી આપવામાં આવ્યું તે એક નહીં અનેક પ્રશ્નો ઊભા કરે છે. આ અંગે રાજ્યના ફાયર ડાયરેક્ટર સાથે જ્યારે વાત કરવામાં આવી ત્યારે તેઓએ સ્પષ્ટતા પૂર્વક જણાવ્યું કે નવા નિયમોને ધ્યાને લઈ રાજ્ય સરકારે ગુજરાતની સિલેક્ટ થયેલી એજન્સીઓને રિન્યુઅલ ફાય એનઓસી આપવા માટેની સત્તા આપેલી છે. પરંતુ તેમની આ કામગીરીમાં સ્થાનિક ફાયર વિભાગના ટોચના અધિકારીઓ સાથે રહે છે અને તેમના દ્વારા કરવામાં આવેલી કામગીરીનું યોગ્ય રીતે મૂલ્યાંકન પણ થતું હોય છે.

વધુમાં રાજ્યના ફાયર ડાયરેક્ટરે માહિતી આપતા જણાવ્યું હતું કે, બે વર્ષના આ રીન્યુઅલ પિરિયડમાં ચાર વખત એજન્સી દ્વારા મોકડ્રિલ યોજવામાં આવે છે જેથી કોઈપણ પ્રકારની તકલીફનો સામનો સ્થાનિક હોય ન કરવો પડે પરંતુ સ્થાનિકોના જણાવ્યા અનુસાર તેમના રંગોલી પાર્ક કે જે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ઊભું કરવામાં આવ્યું છે તેમાં જરૂરી એક પણ સુવિધા ફાયરને લગતી નથી તો તેઓને કેમ ફાયર એનઓસી આપી દેવામાં આવ્યું એટલું જ નહીં કયા કારણોસર રીન્યુ થયું તે અંગે પણ અસમંજસની સ્થિતિ ઊભી થઈ છે. અમદાવાદ થી આવેલા ફાયર સેફ્ટી ઓફિસર ધ્રુવ સોનિએ જણાવ્યું કે, તેમના દ્વારા એનઓસી આપવામાં ભૂલ થયેલી છે પરંતુ આ અંગે તેઓ ઉપલા અધિકારીને ધ્યાન દોરશે. હવે સ્થાનિકોના મતે સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે આટલી ગંભીરતા કયા કારણોસર દાખલમાં આવી નથી એવું તો કયું કારણ બન્યું કે અપૂરતી વસ્તુ હોવા છતાં ફાયર એનઓસી મળી જાય. ઘણી ખરી એવી પેન્ડિંગ ફાઈલો પડેલી છે કે જ્યાં હજુ સુધી રિન્યુઅલમાં પણ એનઓસી મળ્યું નથી તો રંગોલી પાર્ક પર આટલો બધો પ્રેમ કેમ ?







FIRE SAFETY CERTIFICATE RENEWAL (FSCR)

FSCA/O/CFORMC/2024/00043873/R1

This is a digitally verified certificate, hence doesn't require physical signature. To validate authenticity of this certificate, scan the QR code or search the certificate details in appropriate section at www.gujfiresafetycop.in.

Please note that, apart from renewal, the building needs to be inspected every six months and a mock fire and emergency drill also needs to be conducted every six months. If there is a delay in scheduled inspection or mock drill, penalty shall be imposed. The Fire Safety Certificate renewal should be done timely after two years to avoid penalties.

### પ્લાનમાં સોલાર પેનલ દેખાડાય પરંતુ હકીકતમાં પેનલના નામે મીંડુ : બિયુ સર્ટિફિકેટ પણ મળ્યું નથી

રંગોલી પાર્કનો જે પ્લાન બનાવવામાં આવ્યો છે તેમાં સોલાર પેનલ દેખાડવામાં આવી છે પરંતુ વાસ્તવમાં એક પણ પેનલ છત ઉપર લગાડવામાં આવી નથી અને એટલું જ નહીં બિયુ સર્ટિફિકેટ પણ હજુ સુધી રંગોલી પાર્કને મળ્યું નથી. જોગવાઈ એવી પણ છે કે જ્યારે બિયૂ સર્ટીફીકેટ ન હોય તો ફાયર એનઓસી મળી ન શકે આ સંદર્ભે ફાયર સેફ્ટી અધિકારી ધ્રુવ સોનીએ જણાવ્યું હતું કે, આ કન્ડિશનલ એનઓસી આપવામાં આવ્યું છે એટલું જ નહીં ભૂતકાળમાં એ વાતની પણ સ્પષ્ટતા અને જોગવાઈ કરવામાં આવી હતી કે ભવિષ્યમાં છત ઉપર સોલાર પેનલ મૂકવામાં આવશે અને તે શરતે જ એનઓસી આપવામાં આવ્યું પરંતુ આજ દિન સુધી હજુ એક પણ પ્રકારનું સોલાર પેનલ લગાડવામાં આવ્યું ન હોવાથી કયા કારણોસર બિલ્ડીંગ ને એનઓસી આપવામાં આવ્યું છે તે હવે લોક મૂકે પ્રશ્ન ચર્ચા રહ્યો છે.

### રજૂ થયેલ મુદ્દાઓ

૧ રૂડા પાસે મંજુર કરાવેલ નકશામાં દર્શાવેલ ફાયર સ્ટેર સ્થળે જોવા મળતી નથી

૨ 30 મીટર થી વધુ ઉંચાઇ ધરાવતા બિલ્ડિંગ છતાં સ્ટ્રેચર લીફ્ટ નથી

૩ એક પણ લીફ્ટ ટેરેસ સૂધી નથી

૪ ૪૫ મીટરના હાઈ રાઈઝમાં આગલાગે ત્યારે ફાયર ફાઈટર વળાંક વળી શકે તેટલા પહોળામાર્ગ નથી અપૂરતા પાર્કિંગ ને કારણે આ માર્ગમાં પાર્કિંગ દર્શાવેલ હોય બિલ્ડીંગની પાછળ આગ લાગે ત્યારે ફાયરફાઈટર માટે ત્યાં જવા કોઈ જ માર્ગ નથી ઉદાહરણઃ K,L,M,N,O અને P બિલ્ડીંગની પાછળ નાં માર્ગ

૫ આ સોસાયટીના બ્લોક અ અને ઈ માં આવક જાવક માટે એકજ માર્ગ છે આં સંજોગોમાં ફાયર ફાયટરને EXIT માટેનો કોઈજ ખુલ્લો માર્ગ કે સરળતાથી વળાંક વળી શકે તેટલી કોઈ જ જગ્યા છોડેલ નથી

૬ બાળકો રમતા બગીચામાં જ વિશાળ વીજ ટ્રાન્સફોર્મર તેમજ તેની બાજુમાં જ ખુલ્લા વીજ જનરેટર આવેલ છે

૭ ટેન્ડરમાં સલામત વીજ મીટરરૂમ ની જોગવાઈ છતાં વીજમીટર રૂમ બનાવવાને બદલે સેફ્ટી ટેંકની ઉપર માત્ર ચેનલ પર વીજમીટર ખુલ્લા લગાવ્યા છે ત્યાં કે તેની નજીકમાં પણ નિયમાનુસાર કોઈ જ ડ્રાય આગશામક નથી

૮ ૧૪ માળ અને પ્રત્યેક માળે ૮ બ્લોક મળી ૧૧૨ બ્લોક ધરાવતા LIG ૨ પ્રકારના બિલ્ડીંગ માં નિયમાનુસાર બે દાદર કે લીફ્ટની સંખ્યા નથી, રહેવાસીની જીન્દગી ખતરામાં ન મુકાય તે હેતુ રૂડા એ આપેલ સૂચના તથા GDCR ના નિયમોની અવહેલના કરી છે

૯ આગ જેવા અકસ્માતે બાળકો અને વૃદ્ધો સરળતાથી દાદર ઉતરી શકે તેવી દાદરની બંને બાજુ રેલીંગની જોગવાઈ આ યોજના માં તેમજ NBC માં હોવા છતાં દાદરની બંને બાજુ રેલીંગ પણ કરેલ નથી

૧૦ મોટાભાગની ફાયરટેંક અલગથી વીજ મોટર ધરાવતી નથી અને કેટલા સ્થળે તેને બાયપાસ કરવામાં આવી છે. જેની ચકાસણી માટે બધાજ બ્લોકની ટેરેસની જાત તપાસ જરૂરી છે

૧૧ ૧૧૬૪ ફ્લેટ એટલે કે ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતી આ કોલોનીમાં આગ તથા અકસ્માત સમયે ત્વરીત માહિતી પ્રસારણ થઇ શકે તેવી પબ્લિક અનાઉન્સમેંટ સીસ્ટમ નથી કે પ્રવર્તમાન નિયમાનુસાર સામાજિક સુરક્ષા હેતુ સર્વેલન્સ કેમેરાની પણ જોગવાઈ આ યોજનાના ડેવલોપર દ્વારા કરાઈ નથી

૧૨ સોસયટીના આંતરિક માર્ગમાં અન્ડર ગ્રાઉન્ડ વીજ વાયરીંગ કરવું ફરજીયાત હોવા છતાં અહી થાંભલા પર ખુલ્લા વીજવાયરો સોસાયટીની અંદર લટકે છે સાંકડા માર્ગમાં આવેલ વીજ વાયરો ગમ્મે ત્યારે અકસ્માત સર્જી શકે છે

૧૩ સોસાયટી તથા બગીચામાં આવેલ ટ્રાન્સફોર્મર / સબસ્ટેશન ને સલામત સ્થળે ખસેડવા કે તેની આસપાસ સલામત બેરીકેટ લગાવવા અનેક વખત PGVCL તથા અ યોજનાના ના નિર્માતા ગુ,હા.બોર્ડને અવાર નવાર રજૂઆત કરવામાં આવી પરંતુ આ બેદરકાર અને બીન જવાબદાર વિભાગો એક બીજા પર જવાબદારીની ખો આપતા રહ્યા અસંખ્ય રજૂઆત બાદ કેટલાક ટ્રાન્સફોર્મર આસપાસ સિમેન્ટ ના બેરીકેટ PGVCL દ્વારા મુકાયા જેને બંધ કરવામાં આવ્યા નથી

૧૪ લીફ્ટ તથા વીજ જનરેટર વચ્ચે ઓટો સ્વીચ સીસ્ટમ કાર્યરત ન હોવાથી ઓચિતા વીજપ્રવાહ ખોરવાતા અનેક વખત લોકો લીફ્ટમાં ફસાઈ જાય છે પૂરતા બેટરી બેકઅપ કે અન્ય કારણે લીફ્ટ નજીકના ફ્લોરે આવી અને દરવાજો ખુલો હમેશા થવો જોઈએ જે મોટાભાગે થતો નથી આમ જીવનું જોખમ સર્જાય છે ફાયર અને લીફ્ટ સેફ્ટી હેતુ તમામ ૧૭ બ્લોકની રૂબરૂ તપાસ કરવા નમ્ર વિનતી છે.